RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 74* Date: 02.01.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કાશ્મીર મુદ્દો ઉઠાવવા પર જયશંકરનો પાકિસ્તાનને જવાબ

## લાદેનની યજમાની કરનારાઓને યુએનમાં સંબોધન કરવાને કાબેલ નથી

નવીદિલ્હી,તા.૧

સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીર પર પાકિસ્તાનની ટિપ્પણી બાદ ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે એ જ મંચ પર પ્રતિક્રિયા આપી છે. એસ જયશંકરે કહ્યું કે જે દેશ ઓસામા બિન લાદેનને હોસ્ટ કરી રહ્યો હતો, જેણે તેના પડોશીની સંસદ પર હુમલો કર્યો હતો... તે યુએન જેવા શક્તિશાળી પ્લેટફોર્મ પર પ્રવચન આપવા માટે કાબેલ નથી જયશંકર મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર પહોંચ્યા, જ્યાં સુરક્ષા પરિષદમાં ભારતની અધ્યક્ષતામાં કાઉન્ટર ટેરરિઝમ અને રિફોર્મ્ડ મલ્ટિલેટરલિઝમ (બહુપક્ષીયવાદ) પર બે મહત્વપૂર્ણ ઈવેન્ટ થઈ રહી છે. યુએનમાં ભારતના સ્થાયી સભ્ય રુચિરા કંબોજની અધ્યક્ષતામાં મલ્ટિલેટરલિઝમ પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોએ કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો.

જયશંકરે ચીન અને પાકિસ્તાન બંને પર નિશાન સાધ્યું હતું. કહ્યું, સ્વાભાવિક રીતે આજે આપણે મલ્ટિલેટરલિઝમમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. આપણા પોતાના મંતવ્યો હોઈ શકે છે, પરંતુ સર્વસંમતિ ઉભરી રહી છે, ઓછામાં ઓછું આપણે આમાં વિલંબ ન કરવો જોઈએ. વિશ્વ આતંકવાદ સામે લડી રહ્યું છે અને આવા સમયે કેટલાક લોકો આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને યોગ્ય ઠેરવી રહ્યા છે. તેમને બચાવવા માટે આંતરરાષ્ટ્રીય મંચોનો દુરુપયોગ કરી રહ્યા છે.

વિશ્વ કટોકટી, યુદ્ધો અને હિંસાના સમયમાંથી પસાર થઈ રહ્યું છે, તે સંઘર્ષ કરી રહ્યું છે. શાંતિ લાવવા અને રસ્તો બતાવવા માટે મહાત્મા ગાંધીના આદર્શોની હજુ પણ જરૂર છે.×

ભારતે આ વર્ષના ડિસેમ્બરના અંતમાં ૧૫ સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (ઞ્ઞ્જી) ના ચૂંટાયેલા સભ્ય તરીકે બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે. આ પહેલા વિદેશ મંત્રી એસ જયશંકર મંગળવારે બે આતંકવાદ વિરોધી બેઠકોની અધ્યક્ષતા કરવા સંયુક્ત રાષ્ટ્ર પહોંચ્યા હતા.

ભારતે ૧ ડિસેમ્બરના રોજ સુરક્ષા પરિષદનું એક બાદ એક ફરતી માસિક અધ્યક્ષતા સંભાળી હતી. ઓગસ્ટ ૨૦૨૧ પછી આ બીજી વખત છે, જ્યારે ભારત ઞ્ઞ્જી સભ્ય તરીકે તેના બે વર્ષના કાર્યકાળ દરમિયાન કાઉન્સિલની અધ્યક્ષતા કરી રહ્યું છે.

જયશંકરે કહ્યું કે સુધારા એ સમયની જરૂરિયાત છે. મને વિશ્વાસ છે કે ગ્લોબલ સાઉથ ખાસ કરીને ભારતના દ્રઢ નિશ્ચયને શેર કરે છે. આપણે બધા જાણીએ છીએ કે સમાન પ્રતિનિધિત્વ અને સુરક્ષા પરિષદની સદસ્યતા વધારવાનો પ્રશ્ન છેલ્લા ત્રણ દાયકાથી યુએનજીએના એજન્ડામાં છે. જ્યાં સુધારા પરની ચર્ચા બેકાર બની ગઈ છે, જ્યારે વાસ્તવિક દુનિયા આ બધાની વચ્ચે તમાસો બની રહી છે.




તેમણે કહ્યું કે અમે ૭૫ વર્ષ કરતાં પણ વધુ વર્ષો પહેલા રચાયેલી બહુપક્ષીય સંસ્થાઓની અસરકારકતા પર ચર્ચા કરવા માટે અહીં એક બેઠક બોલાવી છે. અમારી સામે પ્રશ્ન એ છે કે તેમને કેવી રીતે સુધારી શકાય. તાજેતરના વર્ષોમાં વિશ્વએ જે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અનુભવી છે. તેના પર વધતા તણાવને કારણે પરિવર્તનની માંગ ઝડપથી વધી છે. તેમણે કહ્યું કે આ બધાનો સામનો કરવા માટે સહકારની જરૂર છે.

વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું હતું કે જ્યારે જળવાયું કાર્યવાહી અને આબોહવા ન્યાયની વાત આવે છે ત્યારે પરિસ્થિતિ વધુ સારી નથી.

## ઉત્તર પ્રદેશ એટીએસએ શંકાસ્પદ આતંકી અઝહરૂદ્દીનની સહારનપુરથી ધરપકડ કરી

**અઝહરુદ્દીન પર આરોપ છે કે તે જિહાદી સાહિત્ય અને વીડિયો દેખાડીને યુવકોને અલ કાયદા ઇન્ડિયન સબ કોન્ટિનેન્ટ અને JMBની વિચારધારા સાથે જોડાવાના પ્રયત્નમાં હતો.**

સહારનપુર,તા.૧

ઉત્તર પ્રદેશ એટીએસએ શંકાસ્પદ આતંકી અઝહરુદ્દીનની ધરપકડ કરી છે. રિપોર્ટ્સ મુજબ, અઝહરુદ્દીન અલકાયદા ઈન્ડિયન સબ કોન્ટિનેન્ટ અને જમાતે મુજહીદીન બાંગ્લાદેશના ભારતીય કનેક્શન સાથે જોડાયેલો હતો. સહારનપુરના અઝહરુદ્દીનને એટીએસમુખ્યાલય પર પૂછપરછ કર્યા બાદ ધરપકડ કરવામાં આવી છે.

તેના પર ભારતમાં જેહાદ ફેલાવવા અને યુવાનોને રેડિકલાઇઝ કરવાનો આરોપ છે.અઝહરુદ્દીન પર આરોપ છે કે તે જિહાદી સાહિત્ય અને વીડિયો દેખાડીને યુવકોને અલ કાયદા ઈન્ડિયન સબ કોન્ટિનેન્ટ અને JMBની વિચારધારા સાથે જોડાવાના પ્રયત્નમાં હતો. તો અઝહરુદ્દીનના ભારતીય અને ઈન્ટરનેશનલ આતંકીઓ સાથે સંપર્કોની તપાસ પણ ચાલી રહી છે. આ મોડ્યૂલના ૧૦ શંકાસ્પદ આતંકવાદીઓની આ વર્ષે ધરપકડ થઇ ચૂકી છે. ઉત્તર પ્રદેશ એટીએસએ જણાવ્યું કે, પકડાઇ ગયેલો શંકાસ્પદ સહારનપુરનો રહેવાસી છે. આ અગાઉ સપ્ટેમ્બરમાં AQIS અને JMB મોડ્યુલ આતંકી સંગઠન સાથે જોડાયેલા આતંકી લુકમાનની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં આરોપી મોહમ્મદ મુદસ્સીર, સહિત ૧૦ આરોપીની ધરપકડ થઇ



ચૂકી છે.

આ કેસમાં પહેલા પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં એટીએસને અઝહરૂદ્દીન બાબતે લીડ મળી. તપાસમાં એટીએસને અઝહરૂદ્દીનની ભૂમિકા શંકાસ્પદ લાગી તો તેને સહારનપુરથી એટીએસ હેડક્વાર્ટર લખનૌ લાવીને પૂછપરછ કરી અને ત્યારબાદ ૩૦ ડિસેમ્બરની મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી. અઝહરૂદ્દીનના કબજામાંથી એ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશ છ્જીને ખબર પડી કે પકડાઇ ગયેલા શંકાસ્પદ લોકો AQIS અને JMB સંગઠનની વિચારધારા સાથે જોડીને દેશમાં શરીયા કાયદો સ્થાપિત કરીને, ચૂંટેલી સરકારને હટાવીને ઈસ્લામિક દેશની સ્થાપન માટે કામ કરી રહ્યો હતો.

આ આગાઉં નવેમ્બરમાં ઉત્તર પ્રદેશ છ્જીએ ૫૦ હજારના ઈનામી બદમાશ સૈયર કાઝી અરશદની ધરપક કરી હતી. એટીએસ તેની ગેરકાયદેસર હથિયાર તસ્કરી કેસમાં તપાસ કરી રહી હતી.

૨૮ ઓક્ટોબરના રોજ તેની સાથે આફતાબ આલમ, મેનુદ્દીન શેખ સહિત ૪ લોકોની ધરપકડ કરી હતી. આ લોકો પાસેથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર હથિયાર અને જીવિત કારતૂસ મળી આવી હતી. સૈયદ કાઝી અરશદ ગેરકાયદેસર હથિયાર અને કારતૂસોની તસ્કરી કરીને તેના નિર્માણમાં સંડોવાયેલો હતો. ઓક્ટોબરમાં કરવામાં આવેલી એટીએસની કાર્યવાહીમાં આરોપી પકડાઇ શક્યો નહોતો. ત્યારબાદ ફરાર સૈયદ કાઝી અરશદ પર ૫૦ હજાર રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી.

## રાષ્ટ્રપતિ વ્લાહદિમીર પુતિને નવા વર્ષની ભારતને ચિઠ્ઠી લખીને શુભકામના પાઠવી

**બંને રાષ્ટ્ર પોતાની વિશેષાધિકાર પ્રાપ્ત રણનીતિક ભાગીદારીને ચાલુ રાખશે.**

નવીદિલ્હી,તા.૧

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ અને ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નવા વર્ષની શુભકામના આપતા ખાસ સંદેશો મોકલ્યો છે. અને તેમા લખ્યુ છે કે, બંને રાષ્ટ્ર પોતાની વિશેષાધિકાર પ્રાપ્ત રણનીતિક ભાગીદારીને ચાલુ રાખશે. અને મહત્વપૂર્ણ વેપારીક અને આર્થિક યોજનાઓને સાથે સાથે ઉર્જા અને સૈન્ય પ્રોદ્યોગિકી પહેલોને લાગુ કરશે.

વ્લાદિમીર પુતિને કહ્યુ કે, ×મને વિશ્વાસ છે કે ભારતમાં શરુ થયેલા એસસીઓ એ જી૨૦ ની અધ્યક્ષતા એશિયા અને સમગ્ર દુનિયામાં સ્થિરતા અને સુરક્ષાને મજબૂત કરવાના હિતમાં સાબિત થશે. અને અમારા લોકોના હિતમાં સાબિત થશે. અને આપણઆ લોકોના હિત માટે બહુ આયામી રુસ-ભારત સહોયગના નિર્માણ માટે નવા અવસર ખોલશે. ભારતને મળેલા રૂસી સંદેશ ઘણો મહત્વનો માનવામાં આવે છે. કેમ કે, વ્લાદિમીર પુતિને આ વર્ષે અમેરિકાની સાથે સાથે ફ્રાન્સ, જર્મનીને સંદેશો નથી મોકલ્યો. ક્રેમલિન અનુસાર રૂસી રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન, અમેરિકા રાષ્ટ્રપતિ જો બાઈડેન, ફ્રાંસિસ રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈકોન અને જર્મન ચાંસલર ઓલાફ શોલ્જને નવા વર્ષની શુભકામના સંદેશ નથી મોકલ્યો. યુક્રેન પર હુમલા બાદ અમેરિકા સહિત પશ્ચિમી દેશોએ રૂસ પર અબૂ યૂક્રેન પર પૂતિનના હુમલાના પરિણામ સ્વરૂપ રાષ્ટ્રોએ મોસ્કો પર પ્રતિબંધ લગાવ્યા છે.

ભારતમાં યુકેના રાજદૂત એલેક્સ એલિસે સૌથી પહેલા ભારતને 'નવા વાર્ષની શુભકામના પાઠવી હતી' અને કહ્યુ હતુ કે, આ વર્ષે બંને દેશોના સંભધોમાં સુધાર થયો છે

. પોતાના ટ્વીટર પેજ પર શેયર કરવામાં આવેલા વિડિયો સદેશમાં એલિસે કહ્યુ કે, ૨૦૨૨ ભારત અને યુકે બંને માટે એક શાનદાર વર્ષ વર્ષ રહ્યુ છે. આ વર્ષે તેના સંબધોને મજબુત કર્યો છે. એલિસે કહ્યુ કે, ભારત અને બ્રિટને પોતના આર્થિક સંબોધો પર ચર્ચા કરતા ૨૦૨૨ માં મુક્ત વ્યપાર સમજુતિ પર સમજૂતી પર વાચતીચ શરૂ કરી છે. આ સાથે જ તેમણે કહ્યુ કે, 'જલવાયુ પરિવર્તન એ સ્થિરતા પર ગ્રીન ઈકોનોમી તરફથી ભારતના તેજીથી વધતા પ્રયાસોને સમર્થન કરે છે. તેના માટે તેમણે મહિંદ્રા ઈવી કંપનીના ભારતમાં ઈનવેસ્ટનુ ઉદાહરણ આપ્યુ હતુ.

## રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાં નવા વર્ષની રાત્રે માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના કરૂણ મોત

હનુમાનગઢ,તા.૧

રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાંથી નવા વર્ષ પર ખરાબ સમાચાર સામે આવ્યા છે. હનુમાનગઢ જિલ્લામાં નવા વર્ષની રાત્રે એક જીવલેણ માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના કરૂણ મોત થયા હતા. જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘટના બાદ ઘટનાસ્થળે હોબાળો મચી ગયો હતો. પોલીસ અને રાહદારીઓ ઘાયલોને હોસ્પિટલ લઈ ગયા. ગંભીર રીતે ઘાયલ વ્યક્તિને બિકાનેર રીફર કરવામાં આવ્યો છે. પોલીસે મૃતદેહોને સ્થાનિક હોસ્પિટલના શબઘરમાં રાખ્યા છે. આજે સ્વજનો આવ્યા બાદ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના મોડી રાત્રે હનુમાનગઢ જિલ્લાના પલ્લુ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બિસરાસર ગામમાં બની હતી. અહીં મોડી રાત્રે ટ્રક અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં કારમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. રાહદારીઓની સૂચના પર પલ્લુ પોલીસ ત્યાં પહોંચી હતી. બાદમાં, પસાર થતા લોકોની મદદથી, પોલીસે ઘાયલોને પલ્લુ હોસ્પિટલ લઈ ગયા. બે ઘાયલ પણ ત્યાં મૃત્યુ પામ્યા. ગંભીર ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર બાદ બીકાનેર રીફર કરવામાં આવ્યો હતો. અકસ્માત બાદ ટ્રક પલટી મારી ગયો હતો અને તેનો ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો.પલ્લુ પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. કારમાં સવાર લોકો તેમાં ફસાઈ ગયા હતા. પોલીસે રાહદારીઓની મદદથી તેમને બહાર કાઢ્યા હતા. અકસ્માતનો ભોગ બનેલા તમામ લોકો બિસરાસર ગામના રહેવાસી હતા. તે મોડી રાત્રે પોતાની કારમાં પલ્લુથી પોતાના ગામ પરત ફરી રહ્યો હતો. દરમિયાન તેમની કાર ઈંટો ભરેલી ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માત બાદ ટ્રક પલટી મારી જતાં ઈંટો રોડ પર વેરવિખેર થઇ ગઇ હતી.કારના પણ ફૂરચેફૂરચા ઊડી ગયા હતા. અકસ્માત બાદ થોડીવાર માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો. નવા વર્ષની રાત્રે એક જ ગામના પાંચ લોકોના મોતને પગલે બિસરાસરમાં શોક પ્રસરી ગયો હતો.

## નવા વર્ષના પ્રથમ દિવસે જ મનરેગા કર્મચારીઓને લોટરી લાગી, પગારમાં ૫ ટકાનો વધારો થયો

જયપુર,તા.૧

રાજસ્થાન સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના અંતર્ગત રાજ્યમાં કામ કરી રહેલા કોન્ટ્રાક્ટ કર્મચારીઓના વેતનમાં ૫ ટકાનો વધારો કર્યો છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, મુખ્યમંત્રી અશોક ગહેલોતે મનરેગા યોજના અંતર્ગત રાજ્યમાં કામ કરતા કરાર આધારિત કામદારોને વેતનમાં ૫ ટકાનો વધારાની મંજૂરી આપી દીધી છે.આ વધારો ૧ નવેમ્બર, ૨૦૨૨થી કરવામાં આવ્યો છે. તેનાથી રાજ્ય સરકાર પર ૪.૧૦ કરોડ રૂપિયાનો વધારાનો બોઝ આવશે. જે અનુસાર, ગહેલત સરાકરના નિર્ણયથી યોજના અંતર્ગત રાજ્યના અલગ અલગ પદ પર કાર્યરત કરાર આધારિત કામદારોની આવક વધશે અને તેમનું જીવન સ્તર સુધરશે.

ઉલ્લેખનિય છે કે, ગહેલોતે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રાજ્યના વિવિધ વિભાગોમાં કામ કરતા કરાર આધારિત કર્મચારીઓને પ્રતિવર્ષ વધારાની જોગવાઈ કરી છે. આ વેતનમાં વધારા સંબંધિત ઘોષણા હતા.

રાજસ્થાન સરાકર ભારતીય પ્રશાસનિક સેવા, ભારતીય પુલિસ સેવા તથા ભારતીય વનસેવાના લગભગ ૧૦૦ અધિકારીઓને વેતન વધારો કર્યો છે. પ્રમોશન મેળવનારા ૫૦થી વધારે આઈએએસ અધિકારી સામેલ છે. રાજ્યના કાર્મિક વિભાગે શનિવારે તેના વિશે આદેશ જાહેર કર્યા છે.

## ઋષભ પંતની જગ્યા પર ડેવિડ વોર્નરને દિલ્લી કેપિટલ્સની કેપ્ટનશીપ મળી શકે છે

નવીદિલ્હી,તા.૧

સ્ટાર વિકેટકીપર અને બેટ્સમેન ઋષભ પંતની ઈજાના કારણે આગામી આઈપીએલ સીઝનમાં દિલ્લીને લાગી શકે છે મોટો ઝટકો.

પંતના હોવાના કારણે દિલ્લીની કેપ્ટનશીપની જવાબદારી આ ખેલાડીને અપાઈ શકે છે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર વિકેટ કીપર બેટ્સમેન ઋષભ પંત હોસ્પિટલમાં દાખલ છે. ઉત્તરાખંડના રૂરકી પાસે કાર અકસ્માતમાં તેને ઘણી ઈજા થઈ હતી.

જો કે પંત કોઈપણ પ્રકારના જોખમમાં નથી. પરંતુ તેને મેદાનમાં પરત ફરવામાં ઘણો સમય લાગી શકે છે. જો કે તેનું આઈપીએલ આગામી સીઝનમાં રમવું તે લગભગ શક્ય નથી.

ઋષભ પંતની ઈજાના કારણે પોતાના પ્રથમ આઈપીએલ ટાઈટલની શોધમાં રહેલી દિલ્હી કેપિટલ્સ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. પંતે ન માત્ર ટીમની કેપ્ટનશીપ સંભાળી પરંતુ તે વિકેટકીપર તરીકે પણ રમ્યો છે.

હવે તેના માટે આઈપીએલ સુધી મેચ ફીટ રહેવુ શક્ય નથી.આઈપીએલની આગામી સીઝન માર્ચ-જૂનમાં રમાવાની છે. આવી સ્થિતિમાં પંતની ગેરહાજરીને કારણે દિલ્લીએ માત્ર વિકેટ કીપર બેટ્સમેન તરીકે જ નહીં પરંતુ કેપ્ટન તરીકે પણ કોઈ અન્યને જવાબદારી સોંપવી પડશે.

પંતની ગેરહાજરીમાં દિલ્લી ડેવિડ વોર્નરને બનાવી શકે છે કેપ્ટન. પંત લિગામેન્ટની ઈજાને કારણે તે ઓછામાં ઓછા ૬ મહિના સુધી મેદાનથી દૂર રહી શકે છે. હવે માનવામાં આવી રહ્યું છે કે ડેવિડ વોર્નર આઈપીએલમાં દિલ્હીની કપ્તાની સંભાળશે.

તેની પાસે આઈપીએલમાં હૈદરાબાદની કેપ્ટનશિપનો અનુભવ પણ છે.

આઈપીએલમાં પહેલી સદી ફટકારનાર ભારતીય ખેલાડી મનીષ પાંડેને પણ દિલ્લીની કેપ્ટનશીપ મળી શકે છે. પરંતુ હાલમાં તેને ઓક્શનમાં લેવામાં આવ્યો હોવાથી કેપ્ટનશીપ મળવાની શક્યતાઓ ઓછી છે.

પણ પંતની ઈજાની અપડેટના આધારે દિલ્લી નિર્ણય કરશે.

## તંત્રી સ્થાનેથી...

# નવા વર્ષમાં આવો સકારાત્મક વિચાર તરફ આગળ વધીએ




વર્ષ-૨૦૨૨ની સમાપ્તિ  થઈ ગઈ છે.નવા વર્ષનો ઉદય પણ થઈ ગયો છે.આવો નવા વર્ષમાં સકારાત્મક વિચાર તરફ આપણે સૌ આગળ વધીએ.

વીતેલા વર્ષમાં આપણે શું મેળવ્યું,શું ગુમાવ્યુ એ અંગે પણ થોડુક ચિંતન કરવુ પડશે.આમ કરવાથી જ વ્યકિત,સમાજ અને દેશને નવા વર્ષમાં ક્યાં અને કેવી રીતે આગળ વધવું તે અંગેની એક રૂપરેખા પણ મળી રહેશે.

આ માટે જે સૌથી મહત્વની બાબત છે તે છે સકારાત્મક વિચાર.આપણે એવું તો શું કરી શકીએ કે,જેનાથી આપણાં પોતાના,પરિવારના ,સમાજ તેમજ દેશના હીતમાં તે ઉપયોગી બનાવી શકાય.આમ એટલા માટે પણ કરવુ જરૂરી બન્યુ છે કેમકે છેલ્લા કેટલાક સમયથી સમાજના વિભિન્ન ક્ષેત્રમાં નકારાત્મક વિચારધારા હાવી બની રહી હોય એમ જોવા મળી રહી છે.

કમનસીબી તો એ વાતની છે કે,દેશના સાંપ્રત રાજકારણમાં નકારાત્મક વિચારધારા ઘણા સમયથી હાવી બની જવા પામી છે.આ નકારાત્મકતા ન તો દેશના હીતમાં છે કે ન તો સમાજના હીતમાં.રાજકારણ જ સમાજ અથવા તો દેશને સાચી દિશામાં લઈ જવાનુ કામ કરે છે.જો સમાજ તેમજ દેશને દિશા બતાવનારી વ્યવસ્થા જ નકારાત્મક દિશા તરફ પ્રયાણ કરવા લાગશે.તો સમાજ અને દેશને યોગ્ય દિશામા કોણ લઈ જશે એ આજથી શરૂ થયેલા નવા વર્ષ માટે સૌથી મોટો અને વિચારવાલાયક પ્રશ્ન છે.

આજે પણ આપણા દેશમાં હજારો એવા લોકો વસવાટ કરી રહ્યા છે.જેમની પાસે નથી એટલી આર્થિક શકિત કે નથી અન્ય એવા સાધનો આમ છતાં પણ સતત સંઘર્ષ કરી તેઓ ન કેવળ પોતાના પરિવાર કે સમાજ બ્લકે દેશનું પણ નામ રોશન કરી રહ્યા છે.આટલા પ્રયાસ આપણા દેશ જેવા વિશાળ રાષ્ટ્ર માટે પુરતા નથી.હજુ ઘણી લાંબી સફર આપણે ખેડવાની બાકી છે.હજુ ઘણા લક્ષ્યાંક સિધ્ધ કરવાના બાકી છે.

આવો તો આજે નવા વર્ષના આરંભથી જ આપણે સૌ એક નવો સંકલ્પ કરીએ.દ્રઢ મનોબળ સાથે આગળ વધીએ.વિધ્નો,અંતરાયની સામે મકકમ લડત આપીને પણ સકારાત્મક વિચારો સાથે આપણે સફળતાના નવા શિખરો સર કરીએ.સૌને નવા વર્ષની શુભેચ્છાઓ.

# દિલ કે અરમાં આંસુઓમેં બહ ગયે, હમ વફા કરકે કે ભી ભૂખે રહે ગયે !!

ચૂંટણી એ શું છે? લોકશાહીનો પવિત્ર અવસર છે? આ કથન સાંભળવા કહેવામાં સારું લાગે છે. પરંતુ, તે એક વિશ્રંભ કથા છે. ચૂંટણી એ પડકાર છે, ચૂંટણી એ તક છે. મન હોય તો માળવે જવાય એ ઉક્તિને ચરિતાર્થ કરવાનો અવસર ચૂંટણી છે. સૂતેલાનુ ભાગ્ય સૂતેલું રહે એવું કહેવાય છે. અહીં થોડું ઉલ્ટું છે. મને ખબર હતી કે તમે મારો ઉગ્ર વિરોધ કરશો( મારો વિરોધ ઘરે પણ થાય છે, બોલો!) ધારો કે તમે મતદાર છો અને માથે ચૂંટણી તોળાઇ રહી છે. માનો કે ડીસેમ્બર માસ નથી. તેમ છતાં એક શાંતા કલોઝ નહીં પણ હિન્દુ શાંતા કલોંઝ, મુસ્લિમ શાંતા કલોઝ, સમાજવાદી શાંતા કલોઝ, મુડીવાદી શાંતા કલોઝ તમારા ઘરે આવીને ચવાણું, કૂકર, શરાબ, પાંચસોની નોટો, વીંટી વગેરે ઈલેકશન સ્કિમ મુજબ હોમ ડિલિવરી કરી જશે!!

ચોમાસાની ઋતુ ન હોય, વાદળો ક્યાંય ક્યાંય ક્ષિતિજે દેખાતા ન હોય. પરંતુ, રમેશ પારેખની કવિતાની જેમ ચૂંટણી વચનો તને ભીંજવે, મને ભીંજવે.આ છે ચૂંટણીની કરામત!!

ચૂંટણીમાં અને ચૂંટણી પછી મતદારોને સાઇકલ , મંગળસૂત્ર, લેપટોપ, મિકસચર ગ્રાઇન્ડર, મધ્યાહ્ન ભોજન ,વાસણોને સેટ મફત વીજળી આવી પ્રજાલુભાવન યોજનાથી તિજોરી ખાલી કરવામાં આવે તે અંગે સમાજશાસ્ત્રી નારાજગી જાહેર કરે છે, છે પણ કોઇના પેટની આગ ઠારવા માટે દિલચસ્પી દાખવતાં નથી!! એ નગ્ન હકીકત છે!!!

ઉમેદવારો દ્વારા પણ જાતજાતના પ્રલોભનો આપવામાં આવે છે. નદી ન હોય ત્યાં પુલ બાંધી આપવો, દરિયો ન હોય ત્યાં જેટી બાંધી આપવી. ઇટાલીની ચૂંટણીમાં એક આમ્રપાલી ( અરે વારાંગના-રુપજિવીની)ઉભી રહેલી. તેણે એવો વાયદો કરેલ કે ચૂંટણી જીતી જઇશ તો તમામને કીસ કરવા દઇશ. આ વાયદો સાંભળી ઘણા લોકોને ઇટાલીની નાગરિક થવાની ખંજવાળ ઉપડી હતી!!અલબત, મતદારોના કમનસીબે તે ચૂંટણી હારી ગઇ હતી. મતદારોના દિલના ટુકડા ટુકડા થઇ ગયા એ અલગ વાત છે!!!

ચૂંટણી એ રાષ્ટ્રીય પર્વ છે.તેમાં બધા સ્ટેક હોલ્ડરોની પાંચે આંગળી ધીમાં છે. ચૂંટણીતંત્ર બંધારણીય ફરજ અદા કરે છે. ન્યુનતમ ખર્ચ કરે છે. યુ વોન્ટ બિલિવ કે ૧૯૫૨માં લોકસભાની ચૂંટણી યોજનાનો કુલ ખર્ચ રૂપિયા ૧૦.૪૫ કરોડ થયેલો હતો. દરેક મતદાર દીઠ માત્ર સાંઇઠ પૈસા ખર્ચ થયેલ હતો .જે ૨૯૧૯માં વધીને રૂપિયા ૭૦૦૦ કરોડ થયેલો હતો ! ઉમેદવારો જીતવા માટે પૈસાનું પાણી કરે. ખાટસવાદિયા મંડપ ડેકોરેશન, ખેસ, બિલ્લા, ચોપાનિયા, કેટરિંગના કોન્ટ્રેકટ મેળવી લાખોપતિમાંથી કરોડોપતિ બનવા ઉધામા કરે. ઉદ્યોગશાળા બધા સાથે રાજકીય સંબંધોની તુલા સમતોલ કરવા ચંદા આપે. મતદારો પાંચ વરસે કિંમતી અને અમૂલ્ય ( કિંમતી અને અમૂલ્ય શબ્દો જ પારસ્પરિક વિરોધાભાસી છે!) અમૂલ્ય મતની ચવાણું, કૂકર, સાડી, રોકડ રકમ, પોટલી( કયાં જમાનામાં જીવો છો, ડયુડ? સુદામાના તાંદૂલની પોટલીની વાત નથી. પોટલી એટલે જાનમ સમજા કરો!!)બીડી, બુમલા ( સૂકી માછલી) સ્વરૂપે કિંમત વસૂલે છે. બધી પાર્ટી પાસેથી વસ્તુ લઇ મત જેને આપવો હોય તેને જ આપે છે. આમ, કરપ્ટ હોવા છતાં આપણી લોકશાહીના મૂળિયા ઉંડા અને મજબુત છે!

વિદેશોમાં ચૂંટણી સમયે તમે તમારા ઉમેદવારને ઓળખો તેવું અભિયાન ચાલે છે.રિપબ્લિકન કે ડે મોક્ર્ટસ કન્ઝર્વેટીવ કે ટોરી પક્ષના બબુચક ઉમેદવારો પક્ષની આઇડિયોલોજી, પોતાનો બાયોડેટા, એકશન પ્લાન, રાષ્ટ્રીય મુદાઓ, વગેરે અંગે બોમ્બાર્ડિંગ કરે છે. હાથ લાંબા ટપકાં કર્યા સિવાય નિરસ અને શુષ્ક નપંસક બુધ્ધિજીવી જેવી અર્થહીન અને વાહિયાત ચર્ચા કરે છે. કોઇ ઉતેજના નહીં. કંઇ નાણીવિલાસ નહીં. જીભમાં હાડકું ન હોય તો પણ જીભ લપસી પડે નહીં. આપણી વાત જ કરાય નહીં. આપણે હાંકલા, દેકારા, હોંકારા પડકારા વીર રસ,કુથલી, નિંદારસન્ બંધાણી. ત્રીજા વાકયે પરિવારવાદ, કમિશન, ટુકડે ટુકડે ગેંગ, આતંકવાદી વિકાસ વિરોધી, ભ્રષ્ટાચારની, દગાબાજ,સાવરકર, નહેરુંને શબ્દોની ચાબુક કે કોરડા વિપક્ષો પર વીંઝવા માંડીએ!! ભાવિ આયોજન, ફૂગાવો, બેરોજગારી, ગરીબી પર શું વિતંડાવાદ ચલાવવાનો ?? બધા બધું બોલશે. પણ મતદારને સમ ખાવા પૂરતું તમારે કેવો ઉમેદવાર જોઇએ એવું પૂછતા નથી. મતદારને ટેઇકન ફોર ગ્રાંટેડ એટલે ભાજી મૂળો સમજે છે??

સામાન્ય રીતે કેટલીક સંસ્થાઓ, કલબો ; ભાઇ તમે સમજો એવી ક્લબો નહીં !! ભલે ક્લબોમાં ક્લબના ઓઠા હેઠળ રમી અને તીન પતી રમાતી હોય!!) રેસ્ટોરેન્ટ, હોટલ, સલૂન (રાજા રજવાડાના સમયમાં રેલવેમાં સ્પેશિયલ ડબ્બા જોડવામાં આવતા હતા તેને પણ સલૂન કહેતા હતા. અત્રે એ સલૂનની વાત નથી. સલૂન એટલે હેર કટિંગ સલૂન. દુકાનોના બોર્ડ વાંચવાનું રાખો, ભૈસાબ !!!) ચાની કીટલી વાળા મતદાન કરેલી આંગળી દેખાડો વસ્તુ કે સેવામાં પાંચ દસ ટકા ડિસ્કાઉન્ટ આપે .( રેવડી કોણ બોલ્યું? ખબરદાર . નાલાયકો. અહીં કયાં રેવડી આવી? લોકશાહીને જીવંત અનેસુદ્રઢ કરવામાં પણ રેવડી દેખાય છે? આંખ ચેક કરાવો . તમને પીળિયો છે!!) કેટલાક તો રાત્રે ફ્રી ડિનર કરાવે!!આ પ્રયત્નો જોઇને આપણને એવું લાગે કે આ ચૂંટણીમાં પલંગતોડ( પલંગતોડ શબ્દ પર ચેકો મારો.!) રેકર્ડબ્રેક એટલે સવાસો દોઢસો ટકા મતદાન થશે. ગિનેસ બુકવાળા દોડતા આવીને રેકર્ડ નોંધી જશે!!તમને મારી વાતનો વિશ્વાસ નથી આવતો? કેટલીક બેઠકોમાં થયેલ મતદાન કરતાં મતગણતરીમાં વધારે મતોની ગણતરી થઇ છે તેવો ગણગણાટ છે.આમાં કંઇ ઇવીએમનો વાંક નથી. આ તો પીપીપી મોડલ છે પડ્યું પડ્યું પાકે અને વધે!! બાર હાથનું ચીભડું અને તેર હાથનું એવી કહેવત અમસ્તી થોડી બની હશે? કુછ તો કારણ હોંગા કે નહીં???!

અમારા રાજુ રદીએ ચૂંટણીના ભાડિયા કૂવામાં ઝંપલાવેલ .મુખ્ય પક્ષોની ટિકિટ મેળવવા રાજુએ રાત દિવસ એક કર્યા. પણ મેળ પડ્યો નહીં .

રાજુ રદીએ રદી પક્ષો તરફ નજર દોડાવી. બોસ, રાજુના સ્ટાર એટલે રહેવું પડે. રાહુ નીચનો, ગુરુ ખાડામાં , ચાંડાલ યોગ, મંગળ માર્ગી, શનિ વક્રી તો પણ લાં.ઉ. ૫. માં મેળ પડ્યો.લાં. ઉ. ૫.,એટલે લાંચ ઉતેજન પાર્ટી . રાજુને ટિકિટ મળી ગઇ!! આમ, તો મારી સિવાય એટલે ગિરધરલાલ ગરબડિયા સિવાય રાજુના ટેકેદાર કોણ હોય? સાવ એવું નથી. મતગણતરીના દિવસે રાજુ રદી ચૂંટણીમાં જ્વલંત જીત મેળવે તો ટેકેદારોએ સ્કિમ કાઢી !! એ પણ જેવી તેવી નહીં. રેવડી કે પિપરમેન્ટ કે દોકડા વહેંચવાના નહીં!!

રાજુ રદી જીતે તો ઓટોમોબાઇલ સાથે સંકળાયેલા વ્યક્તિએ વિનામૂલ્ય ગાડી સર્વિસ કરી આપવાની ઓફર કરી તો બીજી તરફ કોઈકે ખમણનો નાસ્તો ફ્રીમાં કરવાની વાત કરી છે. તો કોઈકે વિનામૂલ્યે કેક આપવાની વાત કરી છે.જેટલા ભજિયા ખરીદે તેટલા ભજિયા ફ્રી આપવા,ખાનગી લેબમાં રિપોર્ટ કરાવી માટે ૫૦% રાહત,ડેન્ટિસ્ટે મહિના સુધી ફ્રી ચેક અપ અને ચિકિત્સા માટે એક મહિનો ૫૦ % રાહત, સલૂનમાં ફ્રી શેવિંગ-હેર કટ વગેરે ઓફર કરેલ. જેના માટે આટલી ઓફર કરી હોય તે ઉમેદવારના નામ આગળ સિલ્કી માનનીય વિધાયકનું એરીંગ્ઝ લાગતાં વિધાતા પણ રોકી શકે નહીં!!!

હાય રે દુર્દૈવ!! ચૂંટણી પંચ વિધાતા કરતા પાવરફૂલ બન્યું. પંચ મહેરબાન ન થયું અને રાજુ પહેલવાન ન બન્યો.પેલી સ્કિમો સૂર્ય ઉગે અને સૂરજના તડકાથી પર્ણ પર બાઝેલું ઝાંકળ બુંદ અલોપ થાય તેમ અલોપ થઇ!!!

અમે કદીક રાજુને કોસતા, કદી વેપારીને કોસતા, કદી ચૂંટણી પંચને કોસતા સલમા આગાની માફક કરૂણતમ, મર્મભેદી ભેંસાસુરમાં "દિલ કે અરમાં આંસુઓમેં બહ ગયે, હમ વફા કરકે કે ભી ભૂખે રહે ગયે " ગીત ગાતા રહ્યા!!!

ભરત વૈષ્ણવ
૦૧.૦૧.૨૦૨૩

# ક્રિસમસ- ફેસ્ટિવલ ઓફ લાઇટ્સ

એક રીતે જોવા જઈએ તો ક્રિસમસ એટલે દિવાળીની જેમ જ રોશનીનો તહેવાર. ૨૫ ડીસેમ્બરથી શરૂ કરીને હર ઘર, ઘરની બહાર, હર શહેરમાં રોશની જ રોશની. શહેરના લગભગ તમામ વિસ્તારો, મોલ પણ રોશનીથી ઝગમગ ઝગમગ. મોટાભાગનાં શહેરની મધ્યમાં કે મહત્વના સ્થળે લાઇટોથી શણગારેલું ભવ્ય ક્રિસમસ ટ્રી શોભતું જ હોય.




અમેરિકામાં સૌને સૌથી વધુ આકર્ષણ ન્યૂ યોર્ક શહેરનાં રૉકોફેલર સેન્ટર પર ગોઠવવામાં આવેલાં ક્રિસમસ ટ્રીનું રહ્યું છે. ૩૦ નવેમ્બરથી ૬ જાન્યુઆરી સુધી ઝગમગતાં રહેતાં આ ક્રિસમસ ટ્રીનું મહત્વ અનોખું છે કારણકે એને ભવ્યાતિત ભવ્ય બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ વર્ષે ૮૦ ફૂટ ઊંચું, ૫૦ ફૂટ પહોળું, ૧૪ ટન વજન ધરાવતું આ ક્રિસમસ ટ્રી અપ સ્ટેટ ન્યૂ યોર્કનાં ક્વીન્સબરીમાંથી લાવવામાં આવ્યું છે. આ ક્રિસમસ ટ્રીને સ્વરોસ્કીના ૩ મિલિયન જેટલાં ક્રિસ્ટલ્સ, ૫૦.૦૦૦થી વધુ એલ.ઈ.ડી લાઇટ્સથી સજાવવામાં આવ્યું છે જે સવારે ૬ વાગ્યાથી મધરાત સુધી ઝગમગતું રહે છે. આ ટ્રીની આસપાસ આઇસ સ્કેટિંગ રિંગ બનાવવામાં આવે છે. ડીસેમ્બરની કડકડતી ઠંડીમાં પણ નાનાં-મોટાંને આઇસ સ્કેટિંગ કરતાં જોવાં એ એક લ્હાવો છે.

ક્રિસમસ એટલે ફેમિલી ફેસ્ટિવલ. વર્ષની અંતિમ રાતને પણ રોશનીની સજાવીને વિદાય આપવાની હોય એવો ચારેકોર નજારો જોવા મળે.

ન્યૂ યોર્ક શહેર એટલે જાણે અમેરિકાની જાહોજલાલીનું પ્રતીક. ન્યૂ યોર્કના ડાઉન ટાઉન કે મેનહટનમાં જઈએ તો ઉલ્લાસથી છલકાતા લોકો જ લોકો નજરે આવે. પબ, ક્લબ કે રેસ્ટોરાં લાઉડ મ્યૂઝિકથી ધમધમતાં હોય. ક્યાંક આતશબાજી ચાલતી હોય. સૌથી મહત્વની અને આઇકૉનિક ક્ષણ એટલે બોલ ડ્રૉપિંગની ક્ષણ. ટાઇમ સ્કવેર પર હજારો લોકોની હર્ષોલ્લાસિત ચિચિયારીઓ વચ્ચે કાઉન્ટ ડાઉન શરૂ થાય અને બરાબર મધરાતે બારના ટકોરે વિશાળ બોલ ઉતરતો જાય. આ ક્ષણ માટે તો ડીસેમ્બરની કારમી ઠંડીમાં કેટલાય ઉત્સાહી લોકો અન્ય શહેરોમાંથી ન્યૂ યોર્ક આવતા હોય છે.

ન્યૂ યોર્કની જેમ શિકાગો અને સાન ફ્રાંસિસ્કોની ક્રિસમસ પણ અનેરી.

પેસિફિક મહાસાગરનાં હિલોળા લેતાં પાણીમાં લાઇટથી શણગારેલી અને લાઉડ મ્યૂઝિકથી ધમધમતી વૈભવી યૉટમાં સાનફ્રાંસિસ્કોના શોખીન લોકો વર્ષની અંતિમ રાત્રી અને નવા વર્ષની પ્રથમ ક્ષણને આવકારવાની અનોખી તક ઉજવી લે છે.

એવી રીતે મિયામીમાં પણ અનેકવિધ હોટલ દ્વારા યૉટ પાર્ટીનું આયોજન કરી વર્ષની આ અંતિમ રાતને યાદગાર બનાવવામાં આવે છે.

નાનાં બાળકોથી માંડી મોટાઓને પણ આકર્ષતી ઓર્લેન્ડોની વૉલ્ટ ડિઝનીની માયાવી જેવી નગરીમાં અચંબિત કરી દે એવી ચકાચૌંધ રોશની, આતશબાજી, લાઇવ બેન્ડથી ૩૧ ડીસેમ્બરની ઉજવણી માણવા જેવી તો ખરી.નેવાડાની માયાવી નગરી જેવા લાસ વેગાસમાં ઉજવાતી આ સાંજનાં ઉલ્લેખ વગર વાત અધૂરી રહી જાય. કલાના ઉત્કૃષ્ટ કહી શકાય એવા એકથી એક ચઢિયાતા અદ્ભુત કેસિનોની આ નગરીમાં ૩૧ ડીસેમ્બરની સાંજને અનોખી આતશબાજીથી ઉજવવામાં આવે છે. વેગાસની આતશબાજી જોવા અહીંના ૫૫૦ ફૂટ ઊંચા ફેરી વ્હીલ પર સૌની પ્રથમ પસંદગી રહી છે કારણકે, આટલી ઊંચાઈ પરથી જે વિશાળતા અને ભવ્યતાનો અનુભવ થાય છે એ જીવનભરની યાદ બની રહે છે.અમેરિકા માત્ર જ નહીં સમગ્ર વિશ્વભરમાં ૩૧ ડીસેમ્બરને અતિ આનંદથી ઉજવવામાં આવે છે. ન્યૂ ઈયર ઈવ, ૩૧ ડીસેમ્બરની સાંજ એટલે વર્ષનાં અંતિમ દિવસને એકબીજાના સ્વાસ્થ્યની શુભેચ્છા સમ ટોસ્ટ કરવાની,પરિવાર અને મિત્રો સાથે સહભોજનની સાંજ.

આજના દિવસે વિશ્વભરના સૌ મિત્રોને સ્વાસ્થ્ય સુખાકારી માટે પરમને પ્રાર્થના.

# કર્ણાટકમાં હવે વિદેશથી આવાનારા યાત્રીઓ માટે સાત દિવસ માટે ક્વૉરન્ટાઈન રહેવુ ફરજિયાત

બેંગ્લુરૂ,તા.૧

દિનપ્રતિદિન કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ખાસ કરીને ચીનમાં ફરી એકવાર કોરોનાના કારણે હાહાકાર મચ્યો છે. ત્યારે આવી સ્થિતિમાં હવે ભારત સરકારમાં સતર્કતા રાખી રહી છે. એજ કારણ છેકે, સરકારે નવા વર્ષથી કોરોનાની ખાસ ગાઈડલાઈન અમલી કરી દીધી છે. આ નવી ગાઈડલાઈન પ્રમાણે કર્ણાટકમાં હવે વિદેશથી આવાનારા યાત્રીઓ માટે સાત દિવસ માટે ક્વૉરન્ટાઈન રહેવુ ફરજિયાત કરી દેવામા આવ્યુ છે.

દુનિયાના દેશોની સાથે સાથે હવે ભારતમાં પણ કોરોનાના કેસો વધી રહ્યાં છે, આને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સતર્ક થઈ ચૂકી છે, અને હવે રાજય સરકારોએ પણ આ મામલે મોટા પગલા ભરવાનુ શરૂ કરી દીધુ છે. આ કડીમાં હવે કર્ણાટકની રાજય સરકારે નવી કોરોના ગાઈડલાઈન જાહેર કરીને તમામને સતર્ક રહેવા અપીલ કરી છે.આ નવી ગાઈડલાઈન પ્રમાણે કર્ણાટકમાં હવે વિદેશથી આવાનારા યાત્રીઓ માટે સાત દિવસ માટે ક્વૉરન્ટાઈન રહેવુ ફરજિયાત કરી દેવામા આવ્યુ છે.

કર્ણાટકની બવસરાઈ બમ્મઈ સરકારે શનિવારે આ મામલે ખાસ ડિસીઝન લીધુ છે. વિદેશી યાત્રીઓ માટે હવે કર્ણાટકમાં સાત દિવસ માટે હૉમ ક્વૉન્ટાઈન રહેવુ ફરજિયાત કરી દેવામાં આવ્યુ છે.

ગાઈડ લાઈનમાં કહેવામાં આવ્યુ છે કે, જો ચીન, જાપાન, હોંગકોંગ, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા અને સિંગાપુરમાંથી આવાનારા કોઈપણ વિદેશી યાત્રીમાં તાવ, ખાંસી, શરદી, શરીરમાં દુ:ખાવો, માથાનો દુ:ખાવો, સ્વાદ, ગંધની કમી, અને શ્વાસ લેવામાં તકલીફ હોય તો, કે કોરોનાના લક્ષણો છે, તો તેમને તરતજ આઈસૉલેટ કરી દેવામાં આવશે, આ પછી તેને સાત દિવસ માટે નજર હેઠળ રાખવામાં આવશે.

નાંખ્યું
ભીતરના પંખીને કચડી નાંખ્યું,
ઈચ્છાઓનું ડોકું મચડી નાંખ્યું.!
એક/એક કરી સપના દેખાડ્યા,
જાદુગર જેમ મને જકડી નાંખ્યું.
હાર પછી હાર મળી તો શું થયું?
આશાઓનું  પૂંછડું પકડી નાંખ્યું .
એકલતા બેકલતા ભરી પીધી,
અકારણ ગમેતેમ બબડી નાંખ્યું .
લક્ષ્મીએ કંઇ ભાવ આપ્યો નહીં,
ત્રિશંકુની જેમ ભરતે લટકી નાંખ્યું
ભરત વૈષ્ણવ
૧.૧.૨૦૨૩.

# પશ્ચિમ બંગાળના ભાજપના ધારાસભ્ય સ્વપન મજુમદારે પોલીસ સ્ટેશનને સળગાવી દેવાની ધમકી આપી

કોલકતા,તા.૧

પશ્ચિમ બંગાળની ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય સ્વપન મજુમદારે શનિવારે કથિત રીતે તેમના બાણગાંવ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાં એક પોલીસ સ્ટેશનને સળગાવી દેવાની ધમકી આપી હતી. મજમુદાર ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના અશોકનગર વિસ્તારમાં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરી રહ્યા હતા.તેમની રેલી દરમિયાન, બીજેપી ધારાસભ્યએ આરોપ લગાવ્યો કે સ્થાનિક પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ અને ઑફિસર-ઈન-ચાર્જ ભાજપના કાર્યકરોને હેરાન કરી રહ્યા છે.તેમની ધરપકડ કરી રહ્યા હતા. તેઓ આ વિસ્તારમાં ટીએમસીના કાર્યકરોને તેમનું ગેરકાયદેસર કામ કરવા દેતા હતા.

ભાજપના ધારાસભ્યોએ પોલીસ અધિકારીઓને ધમકીભર્યા સ્વરમાં કહ્યું હતું કે જો પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમનું વર્તન નહીં બદલે તો તેઓ પોલીસ સ્ટેશન સળગાવી દેશે.સુત્રોના જણાવ્યા અનુસાર, બીજેપી ધારાસભ્યએ કહ્યું, ×અશોક નગર પોલીસ સ્ટેશનના આઈસી અને ઓસી ધ્યાનથી સાંભળો. તમારા વિસ્તારમાં ટીએમસીની પ્રવૃત્તિઓમાં સામેલ થવાનું બંધ કરો. ભાજપના કાર્યકરો અને સામાન્ય લોકોની ધરપકડ કરો જેઓ શાસક પક્ષના દુષ્કૃત્યોનો વિરોધ કરે છે.× રોકો. તે.× તે ઉમેરે છે, ×આ વિસ્તારમાં અમારા એક કાર્યકરને નિર્દયતાથી મારવામાં આવ્યો છે. પરંતુ તમે હજુ સુધી ગુનેગારની ધરપકડ કરી નથી. અમે આ કાયમ માટે સહન નહીં કરીએ. જો તમે તમારો રસ્તો નહીં બદલો તો અમને એક દિવસ પોલીસ સ્ટેશનને આગ લગાડવાની ફરજ પડશે.મજમુદારે વધુમાં જણાવ્યું હતું કે આઈસી ઓસી ટીએમસીના એજન્ટ તરીકે કામ કરવાનું ચાલુ રાખે છે અને નિષ્પક્ષતાથી કામ કરતું નથી, તો તેને માર મારવો.×મજુમદારના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભાજપના પ્રદેશ પ્રવક્તા સમિક ભટ્ટાચાર્યએ કહ્યું કે પાર્ટી મજુમદાર દ્વારા બોલવામાં આવેલા શબ્દોને સમર્થન આપતી નથી. જો કે, ટીએમસીના કાર્યકરોએ ભાજપના સમર્થકો પર હુમલો કર્યો ત્યારે પોલીસ માત્ર દર્શક બની રહી હતી, એમ તેમણે ઉમેર્યું હતું.નવા વર્ષની મુલાકાત લેવા મહારાજગંજથી વારાણસી જઈ રહેલા યુવકોની કારને ગોરખપુર-વારાણસી હાઈવે પર ભયાનક અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે બે અન્ય ઘાયલ થયા હતા. ગોરખપુરના બેલીપર નજીક મધરાતે લગભગ ૧૨ વાગ્યે આ અકસ્માત થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મહારાજગંજના ૬ યુવક નવા વર્ષ નિમિત્તે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરના દર્શન કરવા કારમાં જઈ રહ્યા હતા.એક સાથે ત્રણ યુવાનોના મોતના કારણે સમગ્ર નિચલાઉ શોકમાં ગરકાવ છે. થુથીબારી પોલીસ સ્ટેશન વિસ્તારના ગદૌરા ગામના રહેવાસી કમલેશ મિશ્રાનો પુત્ર દિવાંશ રાત્રે નિચલાઉલ નિવાસી આશિષ મધેશિયા (૨૪), આયુષ્માન સિંહ (૧૯), અબ્દુલ (૧૮) અને અરબાઝને તેની સાથે કારમાં લઈને વારાણસી જવા નીકળ્યો હતો. . તેમની સાથે અન્ય એક યુવક પણ હતો.બધાએ નવા વર્ષે કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત લેવાનો પ્લાન બનાવ્યો હતો. રાત્રે ૧૨ વાગ્યાના સુમારે તેમનું વાહન બેલીપર નજીક પહોંચ્યું હતું, તે દરમિયાન કોઈ અજાણ્યા વાહને તેમના વાહનને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં આશિષ, આયુષ્માન અને અબ્દુલનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે દિવંશ અને અરબાઝ ઘાયલ થયા હતા. ઘાયલોની સારવાર ગોરખપુરમાં ચાલી રહી છે. સવારે તેમના મૃત્યુના સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થયા પછી, નિચલૌલમાં દરેક જગ્યાએ ચર્ચા શરૂ થઈ. મૃતક યુવકોના સ્વજનો રડતા-રડતા હાલતમાં છે.

# મહિલા કોચે છેડતીનો આરોપ લગાવતા, હરિયાણાના રમતગમત મંત્રી સંદીપ સિંહે રાજીનામું આપ્યુ



ચંડીગઢ,તા.૧

સંદીપ સિંહ પર હરિયાણાના જુનિયર એથ્લેટિક્સ કોચ દ્વારા યૌન ઉત્પીડનનો આરોપ લગાવવામાં આવ્યો હતો. કોચે જણાવ્યું કે તે સંદીપ સિંહની ચંદીગઢ ઓફિસમાં તેને મળવા માટે કોઈ સત્તાવાર કામ પર ગઈ હતી. ત્યારે મંત્રી દ્વારા તેનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું ફરિયાદ નોંધાવ્યા બાદ મહિલા કોચે કહ્યું, 'મને નિષ્પક્ષ તપાસનું આશ્વાસન આપવામાં આવ્યું છે.

મેં મારી સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. મને મારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ધમકીભર્યા સંદેશા મળી રહ્યા છે. ડરથી, મેં ફોન કૉલ્સ એટેન્ડ કરવાનું બંધ કરી દીધું છે. મંત્રીએ ફેબ્રુઆરીથી નવેમ્બર દરમિયાન તેમની ઓફિસમાં અને અન્ય જગ્યાએ મને હેરાન કરી છે.

એકવાર તેણે મને સેક્ટર ૭માં મળવાનું પણ કહ્યું. તે મારી સાથે મોટાભાગે સોશિયલ મીડિયા પર વાત કરતો હતો. તેણે ચંદીગઢમાં તેના ઘરે મને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો. મેં ચંદીગઢ પોલીસને ઘટનાનો ક્રમ વર્ણવ્યો છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG:SS:NO.:0101
નામ:ભરત સાંગાણી
વિષય: પ્રથમ સ્નેહમિલનનો યાદગાર દિવસ
પ્રકાર: પદ્ય
શબ્દ: ૧૯૨
શીર્ષક: માણ્યો રૂડો અવસર

આવી રૂડી આંબલિયા ડાળ, સરોવરિયા પાળ મૂકીને કોયલ
ક્યાં ગ્યા'તા રે....
અમે ગયા હતાં
મીનાક્ષીબેન અને પ્રદીપભાઈ
વેવાણ-વેવાઈને હોલ રે..
ત્યાં રૂડાં સ્નેહમિલનના માંડવે રે
સાંભળવાને ત્યાં ગ્યા'તા રે..
શુકન લઈને આવ્યાં એડમીન
કરી નાસ્તો તાજામાજા થઈને
રૂમઝૂમ પગલે આવ્યું
સભ્ય સાહિત્ય સાજન
પધાર્યા મુખ્ય અધ્યક્ષશ્રી
પ્રગટાવ્યો શુભ દીવડો
ને પૂર્યા શબ્દના સાથિયા
સખા સખી મંડળે
સેંથીમાં કર્યા ગદ્યના સિંદૂર સરીખા બોલ
ને સાહિત્યને ઓઢાડી વિધ્વતાની ચૂંદડી
વેવાઈ પોકારે હાલો જમવા
યજમાન મહેમાન જાનૈયા દોડ્યા
થઈ હળવા
બત્રીસ ભોજનના થાળ આરોગ્યા રે..
જામી પડ્યાં પાછાં સૌ મહેફિલમાં
કંચનવરણા કંઠે વહ્યાં પદ્યના સૂર
ને નાજૂક પગલે એકોક્તિના કંકણ રણકયા
છલકે આનંદની હેલડી રે
આજે આવી સુંદર સાંજ રે
રૂમઝુમ પગલે આવ્યાં બીજાં અધ્યક્ષશ્રી
ને સાથે લાવ્યાં સમાજના મોવડીઓ
જામ્યો સૂર ને તાલનો ભવ્ય સંગમ રે
સંગીત સંધ્યા મોતીની હિંડોળી સમ શોભી રે
ચાલે ઢળકતી ઢેલડી રે
આજે આવી મારી બેનડી
તેના પુસ્તકનું થયું વિમોચન
સભાનો આનંદ ન માય રે
સાથે થયાં સૌ સન્માનિત શ્રોતા-વક્તા ગણ રે
હેતે સૌએ કર્યું સાંજનું વાળું
આવજો મીનાક્ષીબેન આવજો પ્રદીપભાઈ.

પ્રવકતા:ભરત સાંગાણી

★★★★★★★★★★★★

NOG SS No : 0044
વિષય:- પ્રથમ સ્નેહ મિલન એક યાદગાર દિવસ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- મધુર યાદ
શબ્દ:- ૩૮૦

આજની ઘડી રળિયામણી રે...લોલ,
આનંદમાં સૌ તરબોળ રે..લોલ.

હા, ૨૪ ડીસેમ્બર ૨૦૨૨નો દિવસ મારી જિંદગીનો સોનેરી દિવસ. અંધજન મંડળમાં પગ મૂકતાં જ મન થનગની ઉઠ્યું. શાંત સુંદર વાતાવરણમાં મિત્રો આવતાં ગયાં એકમેકને મળીને આનંદાનંદ.

ચા કોફી નાસ્તાની મોજ સાથે આરતી મરચન્ટની સુંદર ફોટોગ્રાફી તો ખરી જ. અવસર શ્રી કૃષ્ણકાંત દવે સાહેબનાં દિપ પ્રાગટ્યથી થયો.આવો લાખેણો અવસર હોય તો ગણેશજીને પહેલાં નોતરીએ, નિખિલભાઈની ગણેશ વંદના અને શ્વેતાની પ્રાર્થનાથી થઈ.કાર્યક્રમનું સંચાલન રેખા શાહે કર્યું,દાદીશા, દીદી, જીજ્ઞાબેન,કપુબેનનાં સાથથી.

પ્રદિપભાઇ, મીનાક્ષીભાભી દ્વારા સરસ આયોજન.શાબ્દિક અને પુષ્પોથી સ્વાગત અને કાર્યક્રમની ઝલક અને શરૂ થયો મિત્રો દ્વારા ગદ્ય પદ્ય પઠન,એકોક્તિ કાર્યક્રમ. કાર્યક્રમ માણતાં માણતાં મને તો એવું લાગ્યું કે જાણે પ્રદીપભાઈનાં ઘરે લગ્નમાં મહાલતાં હોઈએ અને મેં તો ઓમના લગ્ન હોય એમ લગ્ન ગીત ગાઈ જ દીધું ચોકલેટી કપુ બેનની મરચાં અને ચોકલેટની ભેટ મેળવી સૌ આનંદિત. કપ્પુ બેન દ્વારા સૌને કાર્યક્રમની મીઠાશને વધુ મીઠો બનાવનાર જમરૂખના શરબતને કેમ ભૂલાય? જમવામાં ઊંધિયું ,પુરી, શાક ભજીયાં, ગાજરનો હલવો અને છાશથી સૌ તૃપ્ત થયાં. સૌની કાળજી એટલી બધી કે જૈન મિત્રો માટે અલગ રસોઈ જમવા નીચે જવાનું એટલે મને ઉપર જ બેસવા કહ્યું અને હું એકલી ન પડું તે માટે માયાબેન મારી સાથે બેઠાં,ઓમ અને મીત અમારે માટે ભોજનની થાળી ઉપર લઈ આવ્યાં.ખૂબ આશિષ બંને યુવાનોને!

ભોજન બાદ કોઈનાં વદન પર વામકુક્ષીની ઈચ્છા દેખાઈ નહીં,સૌ તરોતાઝા થઈને કાર્યક્રમ માણવા તૈયાર. એકોક્તિ, કૃતિનું પઠન, પધારેલાં મહેમાનોનું સ્વાગત,પરિચય, સન્માન અને ત્યારબાદ નિખીલભાઈ, પ્રદીપભાઇ, મીનાક્ષીભાભી દ્વારા સરસ સંગીતની મહેફિલ માણી.

મનિષા વ્યાસનું પુસ્તક વિમોચન જેમાં નોંધવા જેવી વાત કે પુસ્તકને કાગળ કે પ્લાસ્ટિકમાં ન રાખતાં સુતરાઉ રૂમાલમાં પેક કર્યું.

પધારેલાં મહેમાનોમાં ઉષાબેને જાણ્યું કે હું બિલીમોરાથી છું તો ભાવવિભોર થઈ ગયાં, એમનું બાળપણ ત્યાં વીત્યું તેથી અને સાથે માવતરની યાદ એમને ભીંજવી ગઈ. સૌથી અગત્યની વાત આપણાં દાદીશા ઘરેથી પેપર તૈયાર કરીને લાવેલાં અને દરેકને કામગીરી મુજબ આપ્યું એટલે સંચાલનમાં સરળતા રહે. ઉપસ્થિત સૌ રાજી. પૂર્ણાહુતિ તરફ આગળ વધી રહ્યાં હતાં ત્યાં જ મીનાક્ષીભાભીએ આશ્ચર્ય સાથે આનંદ થાય એવી જાહેરાત કરી પ્રદીપભાઈના જન્મદિવસની ઉજવણીની કેક કાપી જન્મદિવસ ઉજવ્યો. સહુનાં વધામણાં અને વડીલ મિત્રોનાં આશીર્વાદ લઈ પ્રદીપભાઈ ગળગળા થઈ ગયાં. સૌને સુંદર પ્રમાણપત્ર અને ભેટ આપી નવાજ્યાં. સૌ પાઉં ભાજી,પુલાવને ન્યાય આપી છૂટાં પડતી વખતે મારી ગાડીને છૂટાં પડવાનું મન ન થયું અને અઠે દ્વારકા કર્યું ત્યારે ઓમ અને મીતે મહેનત કરીને ગાડીનાં રીસામણાં છોડાવ્યાં અને અમે મીઠી મધુરી યાદ લઈને ઘરે પ્રયાણ કર્યું.

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★

NOG SS N0: 001
પ્રકાર: ગદ્ય
વિષય : પ્રથમ સ્નેહમિલન એક યાદગાર દિવસ
શિર્ષક : અમારા NOG નું સ્નેહમિલન

ગ્રુપ સંચાલક તરીકે સવારે ઘરેથી મીનાક્ષી,ઓમ્ ને લઈને નીકળ્યા રસ્તામાંથી ગુલાબ,હાર,ગુલછડી લઈ અંધજન મંડળ પહોચ્યો..સૌ મહેમાન સહિત આવી ગયા હતા અને એડમીન ટીમ સમયસર આવી જતા બટાકા પૌવા,દાળવડા ની લહેજત માણતા ની સાથે જઈ જોડાઈ ગયા, ઘણા બધા સર્વે ગ્રુપ ના સભ્યોને પ્રથમ વાર જોઈ અભિભૂત થઈ ગયો..કવિ કૃષ્ણ દવે,દીદી,દાદી,મોટી, જયકાંત્ ભાઈ ને બધા ને આગ્રહ ભરી રીતે નાસ્તો લેવાનું કહેતા ફોટો પડાવતા આયોજક એડમીન ના ઉત્સાહ ને જોઈ ગર્વ અનુભવતો હતો..કવિ શ્રી કૃષ્ણ દવે અને એડમીન સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય શરૂ થયું.. ડો.રેખા શાહ દ્વારા સુંદર શ્લોક દ્વારા સંચાલન શરૂ થયું. શ્વેતા તલાટી દ્વારા સુંદર પ્રાર્થના થઈ..મહેમાન આતિથ્ય સન્માન,સંબોધન માં કવિ શ્રી કૃષ્ણ દવે દ્વારા કીડી બાઈ આવજો...સૌને બાળ જગત તરફ લઈ જઈ એક બિલાડી જાડી ગીત ગવાયું ..સંચાલક તરીકે ગ્રુપ આવકાર્ય સંબોધન મે કર્યું..વડીલ સભ્યો,ઉપસ્થિત ગ્રુપ સભ્યો સુંદર મોટેભાગે સાડી સજ્જ થઈ આવ્યા હતા..દાદી શા તેમજ સંચાલક પ્રદીપ વક્તવ્ય દ્વારા ર્દ્રંય પાઠશાળા માહાત્મ્ય સમજાવાયું..જીજ્ઞા કા

પુરિયા સંચાલન હેઠળ એકોકીત્ રાવણ(જીજ્ઞા કપુરિયા)(દ્રૌપદી.આરતી મેરચંટ) મુકતિદા ઓઝા(પુત્ર વિરહ) જયકાંત્ ઘેલાણી(મુક પ્રતિભાવ)થકી સૌને સુંદર અભિનવ થી સ્તબ્ધ કરી દીધા..માયાબેન દેસાઈ,જયશ્રી પટેલ,ભરત સાંઘાણી,રેખા શાહ, જયકાં ઘેલાણી,વિભૂતિ દેસાઈ, ડો.મનીષા વ્યાસ, સુંદર ગદ્ય પઠન થયું...બપોરે ૧:૩૦ વાગે લંચ ઊંધિયું પૂરી,હજાર હલવો,દાળભાત,મિક્ષ ભજીયા ની લહેજત માણી સૌ આળસ મરડી કાર્યક્રમ માં ૨:૧૫ આવી ગયા અને કાવ્ય પઠન શ્વેતા તલાટી, ડો.રેખા શાહ,મનીષા વ્યાસ,કીર્તિ પારેખ,જીજ્ઞા કપુરિયા, મોહનભાઈ પરમાર,રાગિણી શુક્લ,મુક્તિ દા ઓઝા ( મને પઈનાવો પાતલું ન વાળો)વિભૂતિ દેસાઈ(લગ્ન ગીત) ખૂબ મોજ કરાવી..ત્યારબાદ ગીત સંગીત નિખિલ કિનારી વાળા સંચાલન માં નીખીલભાઈ,પ્રદીપ રાવલ,મીનાક્ષી રાવલ.જીજ્ઞા કપુરિયા..દિલને ફિર યાદ કિયા,નામ ગુન જાયેગા, નિકાહ નું ફેમસ ગીત,ગુજરાતી નજર ના જામ છલકાવી ને ચાલ્યા ક્યાં તમે(નીખીલભાઈ)ગીતો થી વાતાવરણ ખુશ્બુ માં આવી ગયું.મહેમાન ડો.ઉષા ઉપાધ્યાય(કવિયત્રી,સાહિત્યકાર)ગુજરાત દર્પણ તંત્રી સુભાષ શાહ,જી.કે પટેલ(અમેરિકા)બેઠક લિટરરી ગ્રુપ આયોજક પ્રજ્ઞા દાદભાવાળા,જિગીષા પટેલ, શિક્ષણવિદ ડો.ધારિણી શુક્લ.સુનીલ રાવલ.નયના રાવલ એડવોકેટ(મોટાભાઈ.ભાભી)...સૌ સ્ટેજ શોભાવતા હતા....મહેમાનો નું એડમીન ટીમ દ્વારા પુષ્પગુચ્છ સ્વાગત.તેમનું સુંદર સાહિત્યિક ઉદબોધન..મહેમાનો ને તેમજ સૌ ઉપસ્થિત ગ્રુપ ના સભ્યો ને NOG ભેટ,સન્માન સર્ટિફિકેટ અપાયા....એકબીજા ને પહેલી વાર મળી ને ખૂબ આનંદ માણવામાં આવ્યો..કલ્પના ત્રિવેદી દ્વારા સુંદર પઠન સાથે તેઓ વઢવાણ ના મરચાં ના પેકેટ તેમજ જ્યુસ અને ચોકલેટ સૌને આપીને ઠંડી માં સરસ સ્વાદ ની લહેજત કરાવી.. ગ્રૂપ સ્નેહમિલન નું કાયમી સંભારણું એટલે ડો.મનીષા વ્યાસના પ્રથમ 'મારી સાહિત્ય યાત્રા' પુસ્તક વિમોચન નો પ્રસંગ તેમના પરિવાર સાથેની ઉપસ્થિતિ... છેલ્લે મારા ૨૫ ડિસેમ્બર જન્મ દિવસ ની કેક કાપીને મને સન્માનિત કરવામાં આવ્યો.મે સૌ ઉપસ્થિત વડીલો ના આશીર્વાદ લીધા.નાની ઉપર ના સભ્ય મેઘના કામદાર,દીપિકા ચાવડા,જશુભાઇ પટેલ ઉડીને આંખે વળગે તેવા મૃદુષિલ જશુભાઇ ને સાંભળવાની અનોખી મજા....પ્રજ્ઞા દાદભાવાલા દ્વારા સુંદર હેપી બર્થડે ગીત સૌને ગવડાવી માહોલ બનાવી દીધો....કાર્યક્રમ પૂર્ણાહુતિ બાદ સૌ સાથે સાંજે ૬:૩૦ વાગે ફરીથી ગુલાબી ઠંડી માં અંધજન મંડળ પ્રાંગણમાં ભાજી પાઉં,પુલાવ છાસ લહેજત માણી એક બીજા ને ફરી ફરી આવજો કહેતા એકબીજા ને ગળે મળતા છૂટા પડ્યા...

સંજોગોવસાત ના આવી શકનાર ના સંદેશાઓ મળ્યા....આ ગ્રુપ ના સૌ સાથીઓ ના સ્નેહ,સાથ,સહકાર થી ઉજવાયેલા પ્રથમ સ્નેહસંમેલન ના યાદગાર દિવસ ને કેમ ભૂલી શકાય..સૌ એ મોબાઈલ માં લીધેલ વિડિયો,તસવીરો આજે જોતા મન ભરાઈ આવે છે..સાહિત્ય સંગીત વિશ્વ આયોજક બેલડી કૌશિક શાહ.રાજુલ શાહ દ્વારા સુંદર કોલાજ સેવા..અવિસ્મરણીય...અને ગ્રુપ ના વિડિયો એડિટર મીનાક્ષી રાવલ દ્વારા સભ્યો ની રચનાઓ માણવા મળી....બસ ફરી ક્યારે બીજો સ્નેહમિલન આવે તેની રાહ માં.....

પ્રદીપ રાવલ ( સંચાલક )

★★★★★★★★★★★★

NOG SS No : 0117
વિષય : સ્નેહમિલનનો યાદગાર દિવસ
શીર્ષક : NOGના આંગણે ઉત્સવ

આપણે આપણી સ્કુલના રસ્તા પરથી પસાર થઈએ અને જેમ એ સ્કૂલની મધુરી યાદો તાજી થાય એવી જ રીતે હવે હું જ્યારે પણ અંધજન મંડળ પાસેથી પસાર થઈશ ત્યારે ૨૪/૧૨/૨૦૨૨ની હરપળ તાજી થશે. પ્રોગ્રામમાં આવવાનું નક્કી નહોતું થતું કેમ કે, મારા જેટલું કોઈ હતું નહિ અને બીજું કે, મારે બીજી ઈવેન્ટમાં જવું પડે એવું જ હતું. બધા સાથે ઓળખાણ થશે એ માટે બપોરે જમીને નીકળી જઈશ એવું વિચાર્યું. પણ, ત્યાં આવ્યા બાદ આપ સૌએ મને લાગણી અને પ્રેમની દોરીમાં એવી ગુંથી દીધી કે, હું એ ગાંઠ છોડીને જઈ જ ના શકી અને ત્યાં જ રોકાઈ ગઈ. હું જ્યાં સુધી ત્યાં નહોતી પહોંચી ત્યાં સુધી અંતરમાં એક ડર હતો કે, શું હશે? કેવું હશે? આટલા અનુભવી લોકો છે, તો એમનો એટીટ્યુડ કેવો હશે? હું જે લોકોને મળવા જઈ રહી છું, એ લોકો જે સાહિત્યની સ્કૂલમાંથી રઢ઼ કરીને બહાર નીકળ્યા છે, હજીતો ત્યાં મારું પ્રિસ્કુલમાં એડમિશન થયું છે. એક ડર હતો કે, હું બધાની સાથે એડજેસ્ટ કરી શકીશ કે નહિ? પણ, ત્યાં પહોંચતાની સાથે જ મને જોઈને દરેક લોકોના ચહેરા પર સ્મિત હતું, મીઠો આવકારો હતો. આવી અવર્ણનીય અનુભૂતિ મને ક્યારેય નથી થઈ; અને અધૂરામાં પૂરું દીકરી તરીકે સંબોધન મળ્યું. એનાથી વિશેષ બીજું શું હોઈ શકે? જૈન ધર્મમાં જ્યારે કોઈ પોતાનું જીવન પ્રભુને સમર્પિત કરે એટલે કે, દીક્ષા લે ત્યારે એના માટે ધર્મ માતા-પિતાની નિમણુક કરવામાં આવે. મારી કલમને પણ સાહિત્યને સમર્પિત કર્યા બાદ સ્નેહમિલનમાં આવીને સાહિત્યના ફક્ત માતા-પિતા જ નહિ પરંતુ એક આખો હર્યોભર્યો પરિવાર મળ્યો. દરેક વ્યક્તિનો મિલનસાર સ્વભાવ અને હસતો ચહેરો; એવું લાગે જ નહિ કે, પ્રથમ વખત મળતા હોઈએ. ઘરે જઈને દરેક વ્યક્તિના ફોટો બતાવીને બધાના પરિચય આપ્યા. બધી જ વાત કરી. મારા મમ્મી-પપ્પા પણ મને આટલું માન મળ્યું એ જાણીને ખુબ ખુશ થયા. સ્નેહમિલનની વાત કરું તો, દરેક વ્યવસ્થા, પછી એ ભોજન હોઈ કે ગીત સંગીત, ગદ્ય-પદ્ય વાંચન હોઈ કે પછી એકોક્તી, મહેમાનોનું સ્વાગત હોઈ કે પછી ગિફ્ટ અને સર્ટીફીકેટની બાબત હોઈ, દરેકે દરેક નાની-નાની વસ્તુઓને યાદ કરીને અદભુત આયોજન કર્યું હતું. સ્નેહમિલનને લઈને મને એક વાતનો વસવસો હંમેશા રહેશે કે, આપણી એડમીન ટીમએ આ ઉંમરે પણ આટલી બધી વસ્તુઓની સરસ વ્યવસ્થા કરી હતી પણ હું એમાં ક્યાંય મદદરૂપ ન થઈ શકી. ક્યાંક ઓફિસ અને ઘરની જવાબદારીઓમાં હું સમય ન આપી શકી કે, ના હું કોઈને કહી શકી કે, મારા લાયક કંઈ કામકાજ હોઇ તો કહેજો. હા, મને આ વાતનો અફસોસ રહેશે.

અંતે એટલું જ કહીશ કે,સાવ અજાણ્યા છતાંય જાણીતા અને માનીતા બની ગયેલા મારા આ સાહિત્ય પરિવારને અંતરમનથી આવકારતા ખુશીની લાગણી અનુભવું છું.

- મેઘના કામદાર. (અમદાવાદ)

★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય - પ્રથમ સ્નેહ મિલન સમારોહ નો યાદગાર દિવસ.
પ્રકાર - ગદ્ય
શીર્ષક - યાદગાર સંભારણું
તા -૧/૧/૨૦૨૩

સ્વાગત ને સમર્પિત હૃદય સુમનથી મારા પ્રથમ સ્નેહ મિલન સમારોહના યાદગાર સ્મરણો. ચોવીસ ડિસેમ્બર ૨૦૨૨ નો દિવસ મારા માટે સોનેરી કિરણોથી ભરેલો. કેટલાય મિત્રો હતાં કોઈને કોઈ જાણતું ન હતું છતાં પણ મળવાની તાલાવેલી. હવે સમય નજદીક આવતો ગયો હૃદય ધડકતું બધાને મળવા માટે. વ્હાલી આંખલડી માં જાણે આવીને વસ્યા સૌ પરિવારજનો. સાહિત્ય સરિતા ના સર્વે જણ મનમોજીલી મૌસમને મળવા સૌ આતુર ભવરા ભાન ભૂલે તેમ હું ભૂલી સૌને મળવાં. જ્યારથી શરૂ થયું ત્યારથી સૌને ઓળખતા ફોટાથી અને માત્ર આજે જ મળવાનો સુનહેરો અવસર ધડકતા દિલે ૨૩/૧૨/૨૦૨૨મુંબઈથી અમદાવાદ આવવાની ટ્રેનમાં ગુજરાતે એક્સપ્રેસમાં સવારની. એમાં સખી મળી આરતીબેન એક જ ડબામાં એકલાં જતાં. થોડો મનમાં ડર હતો પણ સખીને મળતાં જતો રહ્યો. ધીરજ મળી અમદાવાદ બપોરે આવતા મારી વાલી સખી દક્ષાબેનને ત્યાં ગઈ અને તે લોકોએ પહેલેથી જ પ્રોગ્રામ બનાવી રાખેલો અટલબ્રિજ જોવાં જવાનો. ખૂબ ફર્યા મસ્તી કરી ફોટા પાડ્યાં અને જમીને આવ્યાં રાત્રે ગપ્પા ગોષ્ટિ કરી .

ધડકતે હૃદય સવારે અંધજન મંડળમાં પગ મુકતાં મનડુ મારું કરે બેલી ડાન્સ .

બધાને મળતાં અનેરો આનંદ થયો. ફોટાની રમઝટ થવા લાગી. સાથે ચા ,કોફી, પૌવા, દાલવડા સાથે શરૂઆત થઈ નાસ્તા પાણીની લહેજત. લગભગ બધા પહેલી જ વાર મળતા હતાં એકબીજાને. શ્રીકૃષ્ણ દવે ,વિભૂતિબેન, દાદીશા , માયાબેન ,લક્ષ્મી નારાયણ નાં સ્વરૂપ શ્રી પ્રદીપભાઈ અને અખંડ સોભાગ્ય મીનાક્ષી ભાભી ને મળવાથી ઘણો આનંદ થયો. એડમીન ટીમ દ્વારા દીપ પ્રાગટ્ય થતાં ડો.રેખાબેનના સુંદર વચનોથી સંચાલન શરૂ થયું. ગણેશ વંદના કરી શ્વેતાબેને .સંચાલનમાં દાદીશા, જીજ્ઞાબેન, કલ્પનાબેન ના સથવારથી પ્રોગ્રામ ચાલતો થયો. પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું .કવિ ગણોની ગદ્ય, પદ્ય પઠન સાથે એકોકતિ સાથે ચાલતું રહ્યું. કલ્પનાબેને સૌને વઢવાણી મરચાં સાથે જમરૂખ ના શરબત નો આસ્વાદ કરાવયો. કૃષ્ણદેવની રચનાઓ નો સ્વાદ માણ્યો. હવે બાળ જગતમાં ફેરી ફરારી એક બિલાડી જાડી ગવડાવી અને સાથે ખૂબ મજામાં અતિથિ ઉષાબેન સુંદર કાવ્ય ગાન કર્યું ધારણિ બેન ની સમાજ સેવાથી પ્રભાવિત થઈ ગઈ. શિક્ષણની વાતો થઈ મન આનંદિત થઈ ગયું બ્યુટીટીપ્સ આપે છે એ વાતથી પણ પ્રભાવિત થઈ ગઈ.ચમકતુ ને હસતો ચહેરો. પછી આવ્યો બ્રહ્મભોજન જેમાં ઊંધિયું ,પૂરી , ભજીયાં, ટીંડોળાનું શાક, ગાજરનો હલવો, વઢવાણી મરચાં સાથે કચ્છી બિયર છાશ સૌને અમૃત નો ઓડકાર કરાવ્યાં. સાથે જૈન જમણ પણ ખરું જ. ભોજન પછી પણ સૌ તાજામાજા હતાં.પ્રોગ્રામ માણવાને માટે મહેમાનોનું સ્વાગત થયું. સંગીતનાં કાર્યક્રમમાં નિખિલ ભાઈ, પ્રદીપભાઈ, મીનાક્ષી ભાભી દ્વારા મહેફીલ સજાઈ. સુંદર ગીતોથી.

મનિષાબેન નાં પુસ્તક વિમોચન સરપ્રાઈઝ હતી અમારા માટે. પુસ્તકને હાથનાં રૂમાલમાં વીંટાળેલા હતાં. દાદીસા એ સરસ રૂપરેખા તૈયાર કરેલી વારાફરતી સૌ સંચાલન કરતાં મારે સાંજની ટ્રેનની ટિકિટ હોવાથી છ વાગે નીકળી જવાનું હતું. લોકશક્તિની ક્યાંક ટ્રાફિકમાં અટવરાઈ જાઉ એકલી હતી અને ગભરાઈના જવાબ માટે વેડાસર નીકળી ગઈ .મને અખંડ સૌભાગ્ય મીનાક્ષી ભાભી એ સુંદર પ્રમાણમાં પત્રને ગિફ્ટ આપીને મારું સ્વાગત કર્યું અને હું બધાને નીકળતા બાય કરતી ગઈ. સૌને છેલ્લે મળવાનું અવસર ના મળ્યો . એ ખેદ રહી ગયો ને છૂટાં પડતાં પહેલાં જ નીકળી જવું પડ્યું .બધાને બાય બાય કરતા નીકળતી ગઈ અને આંખ ભીની થઈ ગઈ ફરવી મળવાની આશા એ..!

રાગીની શુક્લ 'રાગ'....મુંબઈ

★★★★★★★★★★★★

NOG SS NO.0081
પ્રકાર : ગદ્ય
શીર્ષક: જગમેં રહે જાયેંગે પ્યારે તેરે બોલ

એક દિન બિક જાયેગા,માટી કે મોલ,
જગમેં રહે જાયેંગે પ્યારે તેરે બોલ!

આવાં જ અર્થ વાળો , ૨૪/૧૨/૨૦૨૨ જિંદગીનો અવિસ્મરણીય દિન બની રહ્યો. ઋજુ હૃદયનાં કવિ કૃષ્ણ દવેનું સાન્નિધ્ય માણવા મળ્યું અને એક સ્વપ્ન સાકાર થયું .

સંચાલક દંપતિ પ્રદીપભાઈ અને મીનાક્ષીબહેનની સત્કારથી અભિભૂત થઈ જવાયું . ગ્રુપનાં સભ્યોની વિશિષ્ટતા માણવાનો લ્હાવો અણમોલ હતો . શ્વેતા તલાટીના સુમધુર સ્વરમાં સરસ્વતી વંદના સાથે શરૂ થયેલાં કાર્યક્રમમાં ડો.રેખા શાહનું મનમોહક વ્યક્તિત્વ અને વૈવિધ્યપૂર્ણ સંચાલન મીઠાશ ઘોળી ગયું. જિજ્ઞા કપૂરિયાની રાવણ વિશે સકારાત્મક એકોક્તિ, એ જ રીતે હૃદયદ્રાવક પ્રસ્તુતિ દ્વારા આરતી મર્ચંટ દ્રૌપદી ચીરહરણ વર્ણવે મુક્તિદા ઓઝાની પુત્ર તડપ , વિભૂતિ દેસાઈની શિક્ષણ નીતિ વિશે એકોક્તિએ મન મોહી લીધું. ગદ્ય પઠન દાદીશા જયશ્રીબહેનની સાહિત્ય પ્રેમની વાર્તા,ગ્રુપ દીદી માયા દેસાઈનું સ્વાનુભવ વિવરણ,આરતી મર્ચંટની માઈક્રો ફિક્શન, ભરતભાઈ સંગાણીની ગીતા અને કુરાન વિશે સુંદર સમજ અને કલ્પનાબહેન ત્રિવેદીનું સુંદર સંચાલન સાથે પૂરું થયું.ગદ્ય પઠનમાં શ્વેતા તલાટી, કીર્તિબહેન પારેખ, મોહનભાઈ પરમારની ગઝલ રંગ લાવ્યાં.

એડમીન સભ્ય જયકાંત ઘેલાણીએ જૈફ વયે મૂંગા અભિનય દ્વારા માઈમ કરી આશ્ચર્ય સર્જ્યું .શ્રી.જશુભાઈ પટેલે સવારથી હાજરી આપી મૃદુ ભાષામાં વિચારો વ્યક્ત કર્યાં.ડો.મનીષા વ્યાસનાં પ્રથમ પુસ્તકનું આમંત્રિત અતિથિ સાહિત્યવિદ્ ઉષા ઉપાધ્યાય દ્વારા વિમોચન થયું.પર્યાવરણ બચાવવા કાગળનાં બદલે હાથ રૂમાલ દ્વારા આચ્છાદિત પુસ્તકો ધ્યાનાકર્ષક રહ્યાં.

નાદુરસ્ત તબિયત છતાં સુરેન્દ્રનગરથી પધારેલ કલ્પનાબહેન અને અરૂણાબહેને સાનંદ આશ્ચર્ય આપ્યું.કલ્પનાબહેન વચનનાં પાકાં,વઢવાણી મરચાં, ચોકલેટ અને પેરૂ શરબત પીરસી દિલદારી અને સુંદર વક્તવ્ય દર્શાવ્યાં.આમંત્રિત અતિથિઓ ગુજરાત દર્પણના શ્રી સુભાષભાઈ શાહ,જે.કે.પટેલ , ધારિણીબહેન શુકલ દ્વારા અપાયેલ સુંદર સૂચનો અને માર્ગદર્શનને સૌએ દિલથી સ્વીકાર્યા.પ્રજ્ઞાબહેન દાદભાવાળા, જિગીષાબહેન પટેલનું આગમન સાંજને રંગી ગયું.નિખીલભાઈ કિનારીવાળાએ સુંદર સંગીત આયોજન કરી, ગુજરાતી, હિંદી ગીતો વહેતાં મૂક્યાં.સંચાલક બેલડી સંગીત બેલડી બની મંત્રમુગ્ધ કરી ગઈ.બહુમતીમાં સિનિયર સિટીઝન હોવાં છતાં નાનકડી મેઘનાએ સૌને આરંભથી અંત સુધી સહ્યાં તો ચેતનાબહેને વ્યસ્ત દિવસમાંથી ર્દ્રંય માટે સમય ફાળવ્યો.

સવારથી સ્વાદિષ્ટ દાળ વડા, પૌંઆ ગરમ ચા કોફીથી શરૂ થયેલી જીભની રસયાત્રા સ્વાદિષ્ટ ભોજન અને છૂટાં પડતાં લીધેલી પાઉં ભાજીની લહેજત સાથે પૂરી થઈ.પ્રત્યક્ષ દર્શનથી થયેલી મિત્રોની મિજલસ માણી મીઠી યાદો સાથે એક યાદગાર સંમેલનની યાદ લઈ છૂટાં પડ્યાં. મોડું થયાંનો રંજ કોઈનાં મોં પર નહોતો દેખાતો,માત્ર સૂરજદાદાએ વિદાય લઈ અંધારાં પાથર્યાનો ગમ હતો. ઉપરોક્ત ગીતનાં શબ્દોની જેમ સૌનાં શબ્દો,હાવભાવ હૃદયસ્થ હતાં.સંચાલકશ્રીનો યુવાન પુત્ર ઓમ એકલવ્યની જેમ આયોજનને સમર્પિત હતો , મોરનાં ઈંડા ચીતરવા ન પડે. એનાં મિત્ર મીતનો પણ ખૂબ સહકાર મળ્યો. આ સ્નેહમિલન સૌને શિખવાડી ગયું કે ભલે પ્રત્યક્ષ ન મળીએ પણ સૌ દિલમાં સમાયા છે.

છેલ્લે સજળ નયને એમ મનમાં જ ગાઈ લીધું,
આ અમે અમારે ઘેર જઈએ ભાઈ રામરામ રે,
આ બોલ્યું ચાલ્યું માફ, સૌને રામરામ રે!

ઈમાયા દેસાઈ....મુંબઈ ભારત.

★★★★★★★★★★★★

NOG SS NO- 0088
વિષય- પ્રથમ સ્નેહમિલન એક યાદગાર દિવસ
પ્રકાર- પદ્ય
શીર્ષક- અનેરું સાહિત્ય સ્નેહ મિલન
નામ- ડૉ. મનીષા વ્યાસ

સાવ લગોલગ નવાને અડીને બેઠું
જૂનું વર્ષ ઠંડું ઢબુરાઈ..
આપ્યું કાંઈક માગ્યું, વણમાગ્યું ને
થોડું છૂટ્યું એવી જીવનની કડી..
ગ્રુપમાં અવનવાં ફૂલ ફોરમ જોડાતાં
બની સાહિત્ય સરિતા વાડી
પ્રદીપભાઈ મીનાક્ષીબેન ને એડમીન
ટીમ સંવર્ધક ને રક્ષક માળી..
સૌ પરસ્પર બિરદાવતાં સાહિત્યનાં
સાચાં ઉપાસક બની
મનમાં કાયમ ઉત્સુક રહેતાં રૂબરૂ
મળવા ને સૌને જાણવા થકી
આવી શુભઘડી વીતતા વર્ષના
અંતિમ સપ્તાહના સંભારણા તણી
તારીખ ૨૪ને શનિવાર હતો ઠંડો ઠંડો
ડિસેમ્બર રળિયામણો વળી
મળ્યાં સૌ સ્નેહે ને થયું દીપપ્રાગટ્ય
શ્રી કૃષ્ણ દવેના હસ્તે મંગલઘડી
સુંદર પદ્ય-ગદ્ય થયાં પઠન ને
એકોક્તિથી મજા બહુ રે પડી
હતાં મંચ શોભાવતાં દાદીશા,
જયકાન્તભાઇ, વિભૂતીબેન ને દીદી
વળી ભળી સોનામાં સુગંધ જ્યાં
પધાર્યાં મહાનુભાવો મહેમાનશ્રી..
શોભી રહ્યું જાણે સુંદર ઉપવન,
વધી રહી ગ્રુપની શોભા અતિ ઘણી
ઉષાબહેનની આભાથી પ્રગટ્યું પ્રભાત
ને થયું સુંદર કાવ્યગાન વળી
ધારિણીબેનની સમાજસેવા ને
શિક્ષણના ભેખની સુવાસ પ્રસરી
સુભાષભાઈ, જશુભાઇ, જિગીષાબેન
ને પ્રજ્ઞાબેને વધારી શોભા ઘણી
નીખિલભાઈ, મીનાક્ષીબેન ને
પ્રદીપભાઈએ સાંજ સંગીતમય કરી
'મારી સાહિત્ય સરિતા યાત્રા' પુસ્તકનું
ભવ્ય વિમોચન થયું વળી
છું ઋણી આપ સર્વે તણી,
સાહિત્ય સફર અતિ રોમાંચક રહી
આવ્યાં સાથ સાથ પરોવી હાથ,
નવા વર્ષના મંગલ પરોઢ ભણી
રહીએ કાયમ સૌ એક સાથ,
બની ફૂલમાળા સરીખા પરોવાઈ રહી
ભાવભીનાં થઈ રોજ ઉજવીએ
સ્નેહ સમારોહ ગ્રુપમાં પ્રવૃત રહી..

ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

★★★★★★★★★★★★

NOG સાહિત્ય સરિતા ગ્રૃપ
NOG NO. -0034
વિષય: સાહિત્ય સરિતાનું યાદગાર સ્નેહમિલન
વિભાગ: ગદ્ય
શીર્ષક: ભગવાનનાં પ્રિય શિષ્ય

એનઓજી સાહિત્ય સરિતા ગ્રુપનું પ્રથમ યાદગાર સ્નેહમિલન એટલે એક અવર્ણનીય અનુભવ. પ્રદીપભાઈ અને મીનાક્ષી ભાભીનો આતિથ્ય સત્કાર અને સમગ્ર એડમીન ટીમની મહેનતને સત્ સત્ વંદન.

ચોવીસ તારીખનું પરોઢિયું કંઈક નવી તાજગી અને અનેરા ઉત્સાહનાં સંચાર સાથે થયું.એમ તો આખો દિવસ ખૂબ યાદગાર અને કાયમ સ્મૃતિપટલ પર છવાયેલો રહે એટલો સુંદર વિત્યો.એક-એક ક્ષણ અંતરની અટારીને ખુશ્બુથી તરબતર ભરી દેનારી, તેમ છતાં મારે આજે એક અલગ હૃદયસ્પર્શી ક્ષણની વાત કરવી છે.

સ્નેહમિલન માટે અંતરમાં એટલો ઉત્સાહ હતો કે, હું સ્થળ પર સમયસર જ પહોંચી ગઈ'તી. ત્યારે સવારે હજુ એક-બે સભ્યો જ આવ્યા હતા અને અમારો હોલ ક્યાં છે એ શોધતા હતા.એ સ્થળ એટલું સુંદર અને શાંત હતું કે, ત્યાં ખરેખર ખૂબ જ પોઝિટિવ એનર્જીનો અનુભવ કર્યો. આગલા દિવસનો જે ડર હતો કે સ્થળ કેવું હશે? શું હશે? એ ડર ઓગળી ગયો.

અમારા હોલ સુધી પહોંચવા માટેનો રસ્તો અલગ હતો. કેમ કે, એ રસ્તેથી દિવ્યાંગોને પણ પસાર થવાનું હતું! હોલ સુધી પહોંચવાના રસ્તામાં અંધજન વિદ્યાર્થીઓના ક્લાસરૂમ હતા અને ત્યાં શૈક્ષણિક કાર્ય ચાલુ હતું. એ લોકોનો કેળવણી નો સમય હતો.એક-એક વર્ગખંડમાં આઠ-દસ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા.આ દ્રશ્ય હું જીવનમાં ક્યારેય નહીં ભૂલું. હું પોતે કોલેજમાં લેક્ચર છું. દરરોજ છોકરાઓને ભણાવું છું,પણ આ તો અલગ જ અનુભવ હતો.

હું ત્યાં ઉભી રહીને આશ્ચર્યથી જોઈ રહી હતી. એક વિદ્યાર્થી શિક્ષકે પૂછેલા પ્રશ્નનો જવાબ આપી રહ્યો હતો અને બીજાં ધ્યાનથી તેને સાંભળતાં હતાં.મારું ધ્યાન તેમના પુસ્તક તરફ ગયું.

પ્રથમ તો સાવ સફેદ,કોરું પુસ્તક જોઈને એક ક્ષણ મને થયું કે,આમ કેમ? પુસ્તક આવું કેમ છે?પરંતુ એ જ ક્ષણે મને ઝબકારો થયો,અરે!આ તો પ્રજ્ઞાચક્ષુઓનો વર્ગ છે, તેમનું પુસ્તક તો બ્રેઈન લિપિમાં જ હોય ને! પછી ધ્યાનથી જોયું તો એક વિદ્યાર્થી જવાબ આપતો હતો અને તેમના શિક્ષક પુસ્તકમાં દરેક લાઈન પર હાથ ફેરવી ને ચકાસણી કરતા હતા કે, તે સાચો ઉત્તર આપે છેને! એકદમ સામાન્ય વ્યક્તિઓ હોય એવી જ રીતે એમનો ક્લાસ હતો. આપણને પ્રથમ દ્રષ્ટિએ તો ખબર જ ન પડે કે,આ બધા ભગવાનનાં પ્રિય શિષ્યો છે!

ત્યારબાદ સમગ્ર કાર્યક્રમ આનંદથી માણ્યો. મોબાઈલ કેમેરામાં ઘણી યાદગાર ક્ષણોને પણ કેદ કરી તેથી ફરી-ફરી એ ક્ષણોને વાગોળી શકીએ, જીવંત કરી શકીએ.

--ડૉ. રેખા શાહ



જીટીયું માં કાયમી વાઈસ ચાન્સલર ની વરણી થાય તે પહેલા જ આમ આદમી પાર્ટી એ નામ જાહેર કરી બિન રાજકીય વ્યક્તિ ની વરણી કરવા આવેદનપત્ર આપ્યું.

# અમદાવાદમાં નવા વર્ષની રાત્રે ૭૦૦ લોકોને પીધેલી હાલતમાં ઝડપી પાડવામાં આવ્યા

અમદાવાદ,તા.૧

સમગ્ર દેશ સહિત રાજ્યમાં પણ નવા વર્ષની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી. આ સાથે રાજ્યમાં પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવીને પીધેલા લોકોની મોડી રાત્રે ઘરપડક કરી હતી. ફક્ત અમદાવાદ શહેરમાથી જ ૭૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. નવા વર્ષની ઉજવણીમાં કોઇ અણબનાવાવ ના બની જાય એટલા માટે અમદાવાદ શહેરમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા કોમ્બિંગ કરવામાં આવ્યુ હતુ. જેમા સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી ૫૦૦ જેટલા લોકોને પીધેલી હાલતમાં ઝડપી પાડવામાં આવ્યા હતા.

નવા વર્ષની ઉજવણી દરમિયાન ટ્રાફિક અને ક્રાઉડ મેનેજમેન્ટ માટે ટ્રાફિક પોલીસ સાથે સ્થાનિક પોલીસને જવાબાદરી સોપવામાં આવી હતી. નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત મોડી સાંજથી ગોઠવી દેવામાં આવ્યો હતો. નવા વર્ષને આવકારવા માટે યુવાનો મોટી સંખ્યામાં એસજી હાઈવે, સીજી રોડ, રિવરફ્રન્ટ, કાંકરીયા સહિતના જાહેર સ્થળો પર મોટી સંખ્યમાં ઉમટી પડ્યા હતા. હોટેલોમાં બે વર્ષ બાદે ડીજે પાર્ટી સાથે ગ્રાન્ડ સેલિબ્રેશન કરવામાં આવ્યુ હતુ. બે વર્ષથી કોરોના મહામારીને લીધે તમામ પ્રકારની ઉજવણી પર પ્રતિબંધ હતો.

અમદાવાદમાં ઉજવણીને લઈન પોલીસ દ્વારા ૨૦૦ જેટલા પોઈન્ટ બનાવામાં આવ્યા હતા. જેમા પોલીસ ૭૦૦ થી બ્રેથ એનેલાઈઝર એ ૧૦૦ ડ્રગ્સ એનાલાઈઝર કીટ સાથે ચકાસણી કરી હતી. જેમા ઓવર સ્પીડમા જતા વાહન ચાલકો અને દારુ પિધેલા યુવાનો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાથી ૫૦૦ થી વધુ દારુ પીધેલાને લોકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા પણ સાણંદ, રાચરડા, તેમજ બોપર હાથીજમ સહરિતના વિસ્તારોમા તપાસ કરવામાં આવી હતી અને ૨૦૦ વધારે લોકોને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાટડવામાં આવી હતી.

# આણંદમાં ત્રિપલ અકસ્માત બાદ કારમાં લાગી આગ, ૧નું મોત

આણંદ,તા.૧

આણંદમાં નવા વર્ષની રાત્રે જ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં આણંદના ઉમરેઠના કણભઈપુરા માર્ગ પાસે ત્રિપલ અકસ્માતની ઘટના બની હતી. પીકઅપ ટેમ્પોએ કારને ટકકર મારી હતી. અકસ્માત બાદ કારમાં આગ લાગી હતી. અકસ્માતમાં ૧નું મોત ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

ઈજાગ્રસ્તોને નડિયાદ સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા.


ઉમરેઠના ઓડ કણભઈપુરા માર્ગ ત્રિપલ પર અકસ્માત સર્જાયો હતો. પીકઅપ ટેમ્પાએ ઈકોને ટક્કર મારી હતી, સાથે જ અલ્ટો કાર ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં આગ લાગી હતી. કાર ધડાકાભેર અથડાતા આગ ભભૂકી ઉઠી હતી. કારમાં સવાર છથી સાત સવાર ઉજળી રોડ પર પટકાયા હતા. જેમાંથી ૧ વ્યક્તિનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે ૪ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાગ્રસ્તોને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા.

અકસ્માતને ભેટનાર કારમાં સવાર લોકો આણંદના મલાતજના રહેવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાને પગલે સ્થાનિક લોકો પણ મદદ માટે દોડી આવ્યા હતા. જ્યારે ઘટનાની જાણ થતાં પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. અકસ્માતમાં ઘાયલ લોકોને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યારે ફાયર બ્રિગેડે કારમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. ખંભોળજ પોલીસે અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતી 'સનાતન પંચાંગ ૨૦૨૩'ના એંડ્રોઈડ અને એપ્પલ એપનું ઉદ્દ્ઘાટન !

ગુજરાત ગૌરવ પુરસ્કૃત, પ્રખ્યાત ગુજરાતી લોક સંગીત અને ગરબા ગાયક શ્રી.અતુલ પુરોહિત દ્વારા 'સનાતન પંચાંગ ૨૦૨૩ - 'ગુજરાતી' એન્ડ્રોઇડ અને એપ્પલ એપનું ઉદ્દ્ઘાટન !

"સચોટ માહિતી અને સરસ માર્ગદર્શન આપનારું પંચાંગ - શ્રી. અતુલ પુરોહિત "



વડોદરા (ગુજરાત) – "હું ઘણા વર્ષોથી સનાતન પંચાંગનો ઉપયોગ કરું છું. તે એકમેવ એવું પંચાંગ છે જે સચોટ માહિતી તેમજ સરસ માર્ગદર્શન આપે છે." આવા પ્રશંસા ના બોલ શ્રી. અતુલ પુરોહિતજી એ અહીં ઉમેર્યા. તેમના શુભ હસ્તે 'સનાતન પંચાંગ ૨૦૨૩ - 'ગુજરાતી' 'એન્ડ્રોઇડ એપ' અને 'એપલ એપ' નું ઉદ્દ્ઘાટન આજરોજ સવારે ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયું. આ પ્રસંગે સનાતન સંસ્થાના સાધકો ઉપસ્થિત રહ્યાં હતાં. સનાતન પંચાંગ છેલ્લા ૧૨ વર્ષથી ૭ ભાષાઓમાં જેમકે ગુજરાતી, મરાઠી, હિન્દી, અંગ્રેજી, કન્નડ, તેલુગુ અને તમિલમાં પ્રકાશિત થઈ રહ્યું છે. 'સનાતન પંચાંગ ૨૦૨૩' માં ધર્મની રક્ષા અને હિન્દુ રાષ્ટ્રની સ્થાપના વિશે સ્પષ્ટ અને સરળ માહિતી આપવામાં આવી છે. પંચાંગ અને મુહૂર્ત સાથે, તે તહેવારો, ઉપવાસ, ધર્મશિક્ષા, રાષ્ટ્ર-ધર્મ સંરક્ષણ જેવા વિવિધ વિષયો પર વ્યાપક અને ઉપયોગી માહિતી પ્રદાન કરે છે. સામાન્ય હિન્દુઓ માટે તેમના રોજિંદા જીવનમાં માર્ગદર્શક એવી આયુર્વેદ, ઉપચાર પદ્ધતિઓ, અધ્યાત્મ, હિન્દુ રાષ્ટ્ર વગેરે વિશે વૈવિધ્યસભર માહિતીથી ભરેલી આ એપ્લિકેશનનો લાભ લેવા શ્રી. અતુલ પુરોહિતજી એ હિંદુઓને અપીલ કરી છે.'એન્ડ્રોઈડ' મોબાઈલ પર 'સનાતન પંચાંગ' એપ ને ૩૦ લાખથી વધુ લોકોએ ડાઉનલોડ કર્યું છે, જ્યારે 'iOS સિસ્ટમ' પર ૮ લાખથી વધુ લોકોએ ડાઉનલોડ કર્યું છે. આ એપ Google Play Store, તેમજ Apple Store પર ઉપલબ્ધ છે, જેમાં જ્યોતિષશાસ્ત્ર, અધ્યાત્મ શાસ્ત્ર તેમજ આપત્કાળમાં જીવન-રક્ષણના પગલાં દર્શાવતા વિશેષ વિજેટ્સ (હોમ પેજ પર માહિતી પેનલ સહિત) છે. 'સનાતન પંચાંગ ૨૦૨૩ એપ' https://sanatanpanchang.com/ પર ૭ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

## ગિરિરાજ પર દાદા ચાલશે, દાદાગીરી નહીં: મુનિ મહાબોધીસુરી

# ગિરિરાજનો કણ કણ અમારા માટે ભગવાન, ન્યાય નહીં મળે તો આટલા લોકોનું બલિદાન હશે- જયરત્નસુરી

અમદાવાદ,તા.૧

અમદાવાદમાં શત્રુંજય મહાતીર્થ બચાવવા જૈન સમાજની રેલી યોજાઈ છે. પાલડી ચાર રસ્તાથી રેલી શરૂ થઈ હતી. સમાજના હજારો લોકો રેલીમાં બેનર સાથે જોડાયા હતા. જૈન સમાજના સંતો પણ રેલીમાં જોડાયા છે. ભીષ્મ તપસ્વી પણ રેલીમાં જોડાયા છે. પાલડી ચાર રસ્તાથી ઈક્રમટેક્ષથી વાડજ થઇ આરટીઓ ખાતે રેલી પહોંચી હતી. રેલી દરમિયાન લોકો સૂત્રોચ્ચાર કર્યા હતા. ૩ કિમી કરતાં લાંબી રેલી યોજાઈ હતી. જેમાં ૧૫ હજાર કરતાં વધુ લોકો જોડાયા હતા. રેલી આશ્રમ રોડ પહોંચી ત્યારે રેલીના કારણે એક તરફનો ૩ કિમી સુધીનો રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. કલેક્ટર ઓફિસ પાસે બનાવેલા સ્ટેજ પર જૈન મુનિઓ બિરાજમાન થયા હતા, જ્યારે હજારો લોકોની ભીડ રસ્તા પર નારા લગાવી રહી હતી. જ્યાં સુધી નજર પડે ત્યાં સુધી રેલી દેખાઈ રહી હતી. મંચ પરથી મુનિઓની પોતાની માગ રાખી હતી.ત્યારબાદ આવેદન આપ્યું હતું.



જયરત્નસુરીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ગિરિરાજનો એક એક કણ અમારા માટે પથ્થર નથી ભગવાન છે. જૈન સમાજ પહેલી વાર માગ લઈને આવ્યો છે. ન્યાય નહીં મળે તો આ રેલી નહીં આટલા લોકોનું બલિદાન હશે.

જૈન સમાજના મુનિ રત્નસુંદરએ જણાવ્યું હતું કે, અત્યારે જે માહોલ બન્યો તે જૈન સમાજનું ડિફેન્સ બજેટ છે. અમે ભાગવાના મૂડમાં નથી. કોઈના ઘરમાં રેડ પાડીએ તે આપણા લોહીમાં નથી, પણ કોઈ આપણા ઘરમાં રેડ પાડી જાય તો? આ રેલી દ્વારા મેસેજ પહોંચાડી દેજો કે, આક્રોશ આક્રમણમાં બદલાશે. આક્રોશમાં ૫ માણસમાં છમકલું થઈ જાય, હજારોની સંખ્યામાં આજે છો છતાં શાંતિ છે. શક્તિ વાપરવા નહીં દેખાડવા માટે હોય છે. અમારી શક્તિ વાપરવી પડે તેવા દિવસો લાવતા જ નહીં. આ જોઈને તમે ડરી જાવ નહીં તો વી આર રેડી. જ્યાં સુધી શક્તિ દેખાડતા નથી, ત્યાં સુધી સમાધાન પણ થતું નથી.

જૈન સમાજના મુનિ મહાબોધીસુરીએ મંચ પરથી નિવેદન આપ્યું હતું કે, આ રેલી શત્રુંજય ઘેરી શકે છે. આ રેલી સરકાર વિરોધી નહીં સરકારને વિનંતી માટેની રેલી છે. ગિરિરાજ પર દાદા ચાલશે, દાદાગીરી નહીં. આજે એક નારો યાદ રાખજો કે ગિરિ પર દાદા ચાલશે પણ દાદાગીરી નહીં ચાલે. ૩ દિવસનો સમય આપવામાં આવશે. ૩ દિવસમાં સરકાર આગળ આવશે અને ચોક્કસ પરિણામ આપશે. સરકાર સંસ્કૃતિ પ્રેમી છે, આપણો અવાજ શિસ્ત સાથે પહોંચાડવામાં આવશે તો તેમને સાંભળવો જ પડશે.

સમગ્ર દેશમાં જૈન સમાજ રેલી યોજાઈ છે. શેત્રુંજય મહાતીર્થની રક્ષા માટે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, મુંબઈ, દિલ્હી સહિત દેશભરમાં મહારેલીનું આયોજન કરાયું છે. ગિરિરાજ પર બની રહેલાં ગેરકાયદેસર દબાણો અટકાવવા જૈન સમાજની માગ છે. બિહારના સમ્મેત શિખરની પવિત્રતા સુનિશ્ચિત કરવાનો આ મહારેલીનો હેતુ છે. અમદાવાદમાં પણ પાલડીથી આરટીઓ સુધી રેલી યોજાઈ હતી, જેમાં હજારો લોકો જોડાયા હતા.

મનોહર જૈને જણાવ્યું હતું કે, ગિરિરાજ પર લોકોએ દબાણ કર્યું છે, ત્યાં અધર્મી લોકોએ ખોટા કામ શરૂ કરી દીધા છે. તો તે અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવી જોઈએ. શત્રુંજય પર કોઈ જ દબાણ ના થાય તથા ત્યાં કોઈ તોડફોડ ના થાય તે માટે અમે આજે રેલી યોજી છે. રેલીમાં સમાજના હજારો લોકો જોડાયા છે. જો હજુ અમારી માગ પૂરી નહીં થાય તો અમે અહિંસક રીતે વિરોધ ચાલુ જ રાખીશું.સવારે ૯ વાગે પાલડી ખાતેથી જૈન સમાજના લોકોએ રેલી યોજી હતી. રેલીમાં જૈન સમાજના સાધુ-સંતો જોડાયા હતા. સમાજનાં નાનાં બાળકો અને મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. સમાજના લોકોએ શેત્રુંજય બચાવવા માટે રેલી યોજી હતી, જેથી પાલડી ખાતે જૈન સમાજના મુનિઓએ શ્લોકોના સૂત્રોચ્ચાર કર્યા હતા અને લોકોને પોતાનો અવાજ દેશભરમાં પહોંચાડી રેલીમાં જોડાવવા આહવાન કર્યું હતું. ૫૦૦થી વધુ જૈન મુનિઓ રેલીમાં પગપાળા જોડાયા હતા.

પાલિતાણામાં રોહિશાળા ખાતે આદિનાથ પ્રભુનાં પગલાંની તોડફોડ અને ત્યારબાદ શેત્રુંજય પર્વત પર સીસીટીવી કેમેરા અને બોર્ડની તોડફોડ કરનાર મુઠ્ઠીભર તત્ત્વો સમગ્ર રાજ્યની શાંતિ ડહોળી રહ્યા છે, ત્યારે આ લોકો સામે કડક પગલાં ભરવાં અને તીર્થની રક્ષા માટે કાયમી પગલાં ભરવાની માંગણી સાથે તાજેતરમાં ઓપેરા જૈન સંઘ અમદાવાદ ખાતે મળેલી મિટિંગમાં નક્કી થયા મુજબ પખવાડિયા પહેલાં પણ રાજ્યભરના જૈન સંઘના યુવકો, પ્રતિનિધિઓ અને મુંબઈ, મદ્રાસ, ચેન્નઈના જૈનોની એક વિશાળ રેલી પાલિતાણા જય તળેટી ખાતેથી નીકળી હતી અને ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.




નવલું નજરાણું લઈને આવ્યું નવ વર્ષ. જીવનના આ મોડ પર રૂબરૂ અને વિવિધ માધ્યમો દ્વારા શુભેચ્છાઓની વર્ષામાં ભીંજવાનાર સૌ પરિવારજનો અને મિત્રોનો આભાર અને નવ વર્ષની શુભકામનાઓ. આ પુસ્તકનું લોકાર્પણ મુનશીના જન્મદિને તેમની જ સ્થાપેલી સંસ્થા ભારતીય વિદ્યાભવનમાં થયું તેનો વિશેષ રાજીપો. બેઠકના ઉપક્રમે ૫૧ હપ્તામાં લખાયેલ આ લેખમાળા જેમાં બેઠકના આયોજક શ્રી.પ્રજ્ઞા દાદભાવાલા અને સહઆયોજક શ્રી.જિગીષા પટેલના હુંફ અને માર્ગદર્શન દ્વારા આ રસાસ્વાદ આટલો મધુર બન્યો તેમના આભાર માટે કોઈ પણ શબ્દો અપૂરતા રહેશે. હાલમાં વેબ ગુર્જરી પર પ્રગટ થઈ રહેલ આ પુસ્તકનું વિમોચન ભારતીય વિદ્યાભવન ,અમદાવાદના ચેરમેન શ્રી. મુકેશ પટેલ, ટ્રેઝરર શ્રી.ગૌરવ શાહ, લોકપ્રિય કવિ શ્રી.કૃષ્ણ દવે, લેખક અને પત્રકાર શ્રી.પ્રદીપ ત્રિવેદીના હસ્તે થયું. તેમાં દેશ વિદેશના સાહિત્યકારો, બેંક અને યોગના સાથીઓ, ભવન્સ કોલેજના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ, મિત્રો અને પરિવારજનોએ હાજરી આપી. શ્રી મયંક દલાલ અને કોલેજના અન્ય વિદ્યાર્થીઓએ વાચિકમ કર્યું. આ કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી. પારુલ રાવલ અને આભારવિધિ ઝીછ રુચિ જાનીએ કરી. વિશેષ આભાર પુસ્તકના પ્રકાશક વિજયા પ્રકાશન અને મંથન ડિસાકર, ભવન્સ કોલેજના ર્ક્ર-દ્બિંહર્દ્ભ શ્રી.મીના ભાટિયા, વિખ્યાત પત્રકાર, લેખક શ્રી. ભવેન કચ્છી, વેબ ગુર્જરીના શ્રી.અશોક વૈષ્ણવ, 'સાહિત્ય સંગીતનું વિશ્વ ' ના શ્રી.રાજુલ કૌશિકનો. મુનશીના તમામ સાહિત્ય પ્રકારો - ઐતિહાસિક,પૌરાણિક, સામાજિક નવલકથા; નવલિકા, નાટક, આત્મકથા - ની ઝાંખી કરાવતું આ પુસ્તક સાહિત્યરસિકો અને અભ્યાસુઓને ઉપયોગી થઇ પડશે એવી આશા.

# રાજ્યમાં ફરી ઠંડીનું મોજુ ફરી વળ્યું, હજુ કડકડતી ઠંડી માટે રહેજો તૈયાર

અમદાવાદ,તા.૧

રાજ્યમાં બે દિવસ બાદ ફરી ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. એક જ રાતમાં પારો ૩ ડિગ્રી સુધી ગગડતાં કડકતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

રાજ્યના ૧૨ શહેરોમાં ઠંડી વધી છે. અમદાવાદમાં પવન ફંકાતા ઠંડીનો ચમકારો અનુભવાયો છે. નલિયામાં ૧૦.૨ ડિગ્રી, જ્યારે અમદાવાદમાં ૧૪.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં વાતાવતરણ સુકું રહેતાં ઠંડીમાં રાહત જોવા મળી છે. ફરી ઠંડીનો ચમકારો જોવા મળતાં લોકો રાતના સમયે તાપણું કરતાં અને ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે.



હવામાન વિભાગની આગાહી અનુસાર, હજુ તાપમાન ગગડશે.

આગામી ૪૮ કલાક તાપમાન ગગડશે અને ત્રણ દિવસ સુધી તાપમાનમાં કોઈ ફેરફાર જોવા મળશે નહીં. જ્યારે ૨૪ કલાક વાતાવતરણ સુકૂં રહેશે. આમ, હવામાન વિભાગની આગાહી અનુસાર, હવે ઠંડીમાં વધારો થતો જોવા મળશે.

અમદાવાદમાં પારો ૧૪.૧ ડિગ્રીએ પહોંચ્યો છે. પવનની ગતિ ૧૦ કિલોમીટરની રહેતા ઠંડીની તીવ્રતામાં વધારો જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં ગાંધીનગરમાં ૧૫.૩, વડોદરામાં ૧૪.૪, સુરતમાં ૧૫.૮, રાજકોટમાં ૧૨.૫, નલિયામાં ૧૦.૨, ભુજમાં ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં ઠંડીમાં ઘટાડો થયો હતો. બે દિવસથી રાજ્યના મોટાભાગના શહેરોમાં ઠંડી ગાયબ થઈ હતી. હવે ફરી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હવામાનની આગાહી પ્રમાણે હવે ફરી કડકડતી ઠંડી પડવા લાગી છે.

માઉન્ટ આબુમાં કડકડતી ઠંડી યથાવત છે.

વર્ષ ૨૦૨૨ના છેલ્લા દિવસે શનિવારે બપોર બાદ મોડી રાત સુધી ઠંડીની અસર જોવા મળી હતી. નવા વર્ષની પહેલી સવારે નક્કી તળાવમાં બોટ બરફમાં થીજી ગયેલી જોવા મળી હતી. નવા વર્ષના પ્રથમ દિવસે રવિવારે માઉન્ટ આબુનું લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચું નોંધાયું હતું. આ સાથે જ પ્રવાસીઓએ પણ ઠંડીનો ભરપૂર આનંદ માણ્યો હતો.



શ્રીઆંજણા ( ચૌધરી) સેવામંડળ, ગાંધીનગરનો સ્નેહમિલન સમારંભ ગાંધીનગર ખાતે યોજાયો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.